## ટ્રેક નં. ૨૩ : જ્ઞાન અને શ્રદ્ધા સાથે હોય છે તે વિષે

✻ બીમાંથી ઝાડ થાશે એવું જ્ઞાન હોય તો જ શ્રદ્ધાપૂર્વક બી વાવશો ને! જ્ઞાન વગર શ્રદ્ધા નહીં અને શ્રદ્ધા વગર જ્ઞાન નહીં. મોક્ષમાર્ગમાં પણ સમ્યક્‌દર્શનથી લઈને મોક્ષ સુધી આ જ નિયમ લાગુ પડે છે. એ કેવી રીતે? એ તો તો જ સમજાય જો પ્રશમમૂર્તિ બહેનશ્રીની તત્ત્વચર્ચા-જ્ઞાન અને શ્રદ્ધા સાથે હોય છે, એ વિશે સાંભળીએ તો!

✻ માંગલિક :

✻ ભક્તિ : શ્રદ્ધા જ્ઞાન પરિવાર અમારો લાગે એ જ સ્વદેશ,
અને સ્વસ્વરૂપ ભણી દોડ જ્યાં લગી, ત્યાં ઉતરી ગ્યા સહુ વેશ....
એ બહારમાં ઉતરી ગયા સહુ વેશ.

**✻ પ્રશ્ન : સામાન્ય ઉપર દૃષ્ટિ અને ભેદજ્ઞાનમાં શો તફાવત છે? એ કૃપા કરીને સમજાવો.**

● ઉત્તર : જેની સામાન્ય ઉપર દૃષ્ટિ ગઈ કે હું સામાન્ય એક વસ્તુ-એમાં ભેદ પર દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો એક અખંડ દ્રવ્ય ઉપર છે. પોતાના અસ્તિત્વ જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે, પણ ઈ દૃષ્ટિની સાથે ભેદજ્ઞાન હોય છે. દૃષ્ટિ અને જ્ઞાન-બેય સાથે હોય છે. એક સામાન્ય પર દૃષ્ટિ અને વિભાવથી જુદો પડે. પોતામાં જ્યાં દૃષ્ટિ ગઈ, તો વિભાવથી જુદો પડે છે. બેય સાથે જ રહે છે. પોતે સામાન્યને ગ્રહણ કરે અને અસ્તિત્વને ગ્રહણ કરે ત્યાં બીજેથી નાસ્તિ એમાં ભેગી આવી જાય છે. પોતાને ગ્રહણ કર્યું એટલે 'હું વિભાવથી જુદો છું'— એમ ભેગું આવી જાય છે. દૃષ્ટિ કાંઈ ભેદ નથી પાડતી પણ જ્ઞાન બધું જાણે છે. જ્ઞાનમાં બધું આવી જાય છે. 'હું આ વિભાવથી જુદો અને આ મારું ચૈતન્યનું અસ્તિત્વ જુદું છે'—એમ દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ હોય છે. દૃષ્ટિ એક સામાન્ય ગ્રહણ કરે છે, જ્ઞાન બેયને ગ્રહણ કરી લે છે. બેય સાથે ને સાથે હોય છે જેની દૃષ્ટિ સમ્યક્ થઈ, એનું

જ્ઞાન સમ્યક્ થયું. બેય સાથે રહે છે. ૧.

* પ્રશ્ન : પહેલાં દૃષ્ટિ સમ્યક્ થાય, પછી જ્ઞાન થાય?

● ઉત્તર : દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ સમ્યક્ થાય--એમાં ક્રમ નથી પડતો--પણ દૃષ્ટિ મુખ્ય છે એટલે—એને દૃષ્ટિને મુખ્ય કહેવામાં આવે છે. બાકી દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે હોય છે. એને ક્રમ નથી હોતો. ૨.

* પ્રશ્ન : અનુભૂતિકે લિયે દોનોં (દૃષ્ટિ ઔર જ્ઞાન) હોતા હૈ?

● ઉત્તર : દોનોં સાથમેં રહતા હૈ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ, દ્રવ્યકા ધ્યાન કરે, એ પણ ઈ ધ્યાન કૈસા? ઐસા આ ગયા કિ જો અશુદ્ધતા પર્યાયમેં હૈ, યે પર્યાય મૈં અશુદ્ધતાકા ખ્યાલ વગર દ્રવ્ય ઉપર દૃષ્ટિ કૈસે જાય? જો શુદ્ધ જ હૈ, તો ઉસમેં અશુદ્ધતાકી અપેક્ષા ભી નહીં રહતી. અશુદ્ધતા હૈ તો વો દ્રવ્ય પર દૃષ્ટિ જાતી હૈ. અશુદ્ધતાકી અપેક્ષા તો સાથમેં આ જાતી હૈ. મૈં દ્રવ્ય અપેક્ષાએ જ શુદ્ધ હું—પર્યાયમેં તો અશુદ્ધતા પરિણતિ હોતી હૈ. તો મૈં શુદ્ધ હૂં, એ અશુદ્ધતાકી ભ્રાંતિ જો પર્યાયમેં હોતી હૈ કિ મૈં એકત્વબુદ્ધિસે ઈતના અશુદ્ધ હો રહા હૂં. પણ ઐસી દૃષ્ટિ ફેરનેમેં શુદ્ધ હૂં. યે દૃષ્ટિ જ્યાં ફેરવી ત્યાં જ્ઞાન તો જાણતા હૈ કિ પર્યાયમેં અશુદ્ધતા હૈ, દ્રવ્યમેં શુદ્ધતા હૈ. જ્ઞાન સામાન્ય ઔર વિશેષ દોનોંકો વિષય કરતા હૈ. દોનોં સાથમેં રહતા હૈ ઈસમેં ક્રમ ભી નહીં પડતા હૈ. દૃષ્ટિ ઔર જ્ઞાન દોનોં સાથમેં રહતા હૈ. ૩.

* પ્રશ્ન : દૃષ્ટિમાં આત્માનો અહં આવે?

● ઉત્તર : હાં, 'મૈં ચૈતન્ય હૂં', અહં-વિકલ્પ નહીં. 'મૈં દ્રવ્ય હૂં'—અપના ચૈતન્ય અસ્તિત્વકો ગ્રહણ કરતા હૈ. વિકલ્પ 'મૈં ચૈતન્ય હૂં, ચૈતન્ય હૂં' ઐસે અહમ્‌પણું વિકલ્પમાત્ર નહીં. ચૈતન્ય પદાર્થ—અસ્તિત્વકો ગ્રહણ કરતા હૈ, ''મૈં ચૈતન્ય હૂં, મૈં જ્ઞાયક હૂં, અપના અસ્તિત્વ'. વૈસે 'મૈં' એ જે વિકલ્પમેં એકત્વબુદ્ધિ હો રહી, વહ સહજ

હો રહી હૈ. મૈં ઐસે ચૈતન્ય દ્રવ્ય સહજ જ્ઞાયક હૂં—ઐસા અપના ચૈતન્ય સ્વભાવકો ગ્રહણ કર. ૪.

✻ પ્રશ્ન : અશુદ્ધતાનું ભાન છે એટલે દૃષ્ટિ પોતાનો વિષય પલટો કરે છે?

● ઉત્તર : તો જ પલટો કરે છે. અશુદ્ધતા ન હોય તો પલટો શેનો કરવો? મૈં અનાદિ અનંત શાશ્વત દ્રવ્ય શુદ્ધ હૂં. ૫.

✻ પ્રશ્ન : એ દૃષ્ટિના વિષય જેટલું જ દ્રવ્ય અથવા તો એકાંતે એટલી જ વસ્તુ છે એમ નથી માનતું એમાં....?

❀ બહેનશ્રી : અનંત ગુણ ને અનંત પર્યાયના સામર્થ્યવાળું દ્રવ્ય છે. પર્યાયના ભેદ લક્ષમાં નથી કે ગુણના ભેદ લક્ષમાં નથી. ભેદ ઉપર દૃષ્ટિ નથી. પણ દ્રવ્યનું સામર્થ્ય સામાન્ય ઉપર દૃષ્ટિ છે. પણ દ્રવ્ય આવું સામર્થ્યવાળું છે, એવું એને જ્ઞાન હોય છે. એ દૃષ્ટિ એના અસ્તિત્વ ઉપર છે. અસ્તિત્વ—પણ કેવું અસ્તિત્વ? પરિપૂર્ણ સામર્થ્યવાળું, અનંત ગુણ ને અનંત પર્યાયનું સામર્થ્ય છે દ્રવ્યમાં. એ જે કોઈ અચિંત્ય છે દ્રવ્ય. એના પરિણામો પણ અચિંત્ય છે ને દ્રવ્યની શક્તિઓ પણ અચિંત્ય છે. જે તર્કમાં ન આવી શકે એવું એનું સ્વરૂપ છે. અનંતકાળ જાય તો પણ જે ખૂટતું નથી. અનંતા અવિભાગ પ્રતિચ્છેદરૂપે પરિણમે તોપણ કાંઈ એનું ખૂટતું નથી. એ જે કંઈ વધી જાતું નથી. જે ઘટી જાતું નથી, એવું અચિંત્ય સામર્થ્યવાળું, જે તર્કમાં ન આવે—એવી જાતનું સામર્થ્ય છે. એવું દ્રવ્ય છે પોતે. એને જ્ઞાનમાં ગ્રહણ કર. ૬.

✻ પ્રશ્ન : દૃષ્ટિનો વિષય દ્રવ્ય બહુ સૂક્ષ્મ પડે છે.

● ઉત્તર : દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે. એ સામાન્યને—અસ્તિત્વને ગ્રહણ કરે છે. અસ્તિત્વ વસ્તુ છે ચૈતન્ય જે સત્ સ્વરૂપ છે, જે ચેતન છે, જે જ્ઞાનસ્વરૂપ છે,—'હું જ્ઞાયક છું' એનું અસ્તિત્વ ગ્રહણ કરે છે. અને એ જ્ઞાયક કેવો છે? કૂટસ્થ છે અને કાર્ય કરનારો જ્ઞાયક છે. ગુણરૂપે પરિણમનારો જ્ઞાયક છે. દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ હોય છે.

પોતાના ક્ષેત્રમાં રહીને આખા લોકને જાણનારું એક સમયમાં એટલી સામર્થ્યવાળું એવી જાતનું કોઈ જ્ઞાન એનું અચિંત્ય છે. ૭.

✻ પ્રશ્ન : એક બાજુ જ્ઞાનનો અપાર મહિમા ગવાય, એક બાજું દૃષ્ટિનું વિષયભૂત તત્ત્વ–એનો પણ અપાર મહિમા.

● ઉત્તર : દૃષ્ટિનો વિષય પોતે દ્રવ્ય છે એ દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભરેલું છે. ૮.

✻ પ્રશ્ન : દૃષ્ટિ વેદાંત કહે છે એવા તત્વની અને જ્ઞાન જૈન દર્શન કહે છે એવા તત્વનું?

● ઉત્તર : દૃષ્ટિ અને જ્ઞાન બેય સાથે હોય છે. બેય એકાંત દૃષ્ટિ. આ વેદાંતની જેમ એકાંત તો છે નહીં. માટે અનેકાંત એટલે વેદાંત જેવી નહીં. પણ એ યથાર્થ જેમ વસ્તુ છે, એવી દૃષ્ટિ અને જેવી વસ્તુ છે, એવું જ્ઞાન થાય, એનું નામ સમ્યક્ જ્ઞાન. સમ્યક્ એકાંત અને સમ્યક્જ્ઞાન બધું સમ્યક્ છે. વેદાંતની દૃષ્ટિએ દ્રવ્ય એકલું ગ્રહણ કરે એની સાથે જ્ઞાન કાંઈ હોતું જ નથી એમ નથી. દૃષ્ટિ અને જ્ઞાનનો સુમેળ છે. દૃષ્ટિ એકાંત શૂન્ય એ એકાંત કૂટસ્થ એ તો બધું એકાંત થઈ જાય. દૃષ્ટિ પોતાને ગ્રહણ કરે. જ્ઞાન સાથે છે. એ દૃષ્ટિ જુદી જાતની છે, એ વેદાંતને એવી દૃષ્ટિ નથી. દૃષ્ટિ–એનું કાર્ય જુદું જ આખું. સમ્યક્દૃષ્ટિ છે એ જુદી રીતનું કાર્ય. ૯.

✻ પ્રશ્ન : (વેદાંત દ્રવ્યને) અનંત ગુણ સ્વરૂપ માને છે?

● ઉત્તર : (વેદાંત દ્રવ્યને) અનંત ગુણ સ્વરૂપ માને, પણ પર્યાય, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ માને નહિ તો દૃષ્ટિમાં ફેર છે. જ્ઞાનમાં તો માનવું જોઈએ ને! દૃષ્ટિમાં ન માને, દૃષ્ટિમાં એક ધ્રુવ આવે પણ એના જ્ઞાનમાં બધું હોવું જોઈએ. દૃષ્ટિ બરાબર નથી. દૃષ્ટિ એનું નામ કહેવાય કે દૃષ્ટિ દ્રવ્યને ભલે સ્વીકારે પણ એના જ્ઞાનમાં બધું હોવું જોઈએ. જ્ઞાનની અંદર 'હું દ્રવ્ય'–દૃષ્ટિમાં એક ધ્રુવ ઉપર દૃષ્ટિ રાખવી કે 'હું ચૈતન્ય તત્ત્વ' અનાદિનું અસ્તિત્વ ગ્રહણ કર્યું, પણ એની ઉત્પાદ-વ્યય બધું એ જ્ઞાનમાં તો બધું આવવું જોઈએ. એ એમાં

એકલું સ્વીકારે કે 'હું પરમાત્મા છું' અને એ પર્યાય કાંઈ નથી—કે એવું જ્ઞાનમાં પણ જો ન સ્વીકારે તો દૃષ્ટિ પણ યથાર્થ નથી. દૃષ્ટિ ને જ્ઞાન એ બેય સાથે જ રહે છે. બેય સાથે છે. એકબીજાને સાથ આપનાર છે એ કાંઈ એ એકાંત એમાં આવી જાય તો દૃષ્ટિ પણ ખોટી થઈ જાય છે. દૃષ્ટિ ને જ્ઞાન સાથે જ રહે છે. જ્ઞાન-સમ્યક્જ્ઞાન અને સમ્યક્દૃષ્ટિ બેય સાથે જ રહે. જ્ઞાનમાં બધો સ્વીકાર આવે અને દૃષ્ટિ—એ તો એક ઉપર પણ એની દૃષ્ટિ થંભાવીને સ્થિર રાખે છે. એટલે દૃષ્ટિમાં એ ગૌણ થાય છે. પણ એ પર્યાય છે જ નહીં એમ કાઢી નાખે એમ તો દૃષ્ટિ સમ્યક્ થાતી નથી. ઈ છે જ નહિ એમ જ્ઞાનમાં પણ નથી. એવો નિષેધ કરે તો ઈ દૃષ્ટિ સમ્યક્ નથી ને જ્ઞાનમાં તો સાથે રહેવું જ જોઈએ. દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે જ રહે છે. ૧૦.

* પ્રશ્ન : ઉત્પાદ-વ્યય-ધ્રુવનું જ્ઞાન છે એ દૃષ્ટિ સ્વીકારતી નથી?

● ઉત્તર : બેય એક સાથે જ રહે છે. બેય એકબીજા-એકબીજાને મદદ કરનાર છે. દૃષ્ટિ એક ઠેકાણે જોર આપે છે. અનાદિની વસ્તુ છે ને પછી એનું સ્વરૂપ શું છે એ સ્વરૂપ જાણવા માટે જ્ઞાન-એ જ્ઞાનનું કાર્ય છે. એ જ્ઞાનનો સ્વભાવ એવો છે કે બધું જાણી લે. અને દૃષ્ટિનું એક કાર્ય છે એક ઉપર દૃષ્ટિ સ્થિર કરે છે. અસ્તિત્વને ગ્રહણ કરે છે. દૃષ્ટિનો વિષય જ એવો છે કે એમાં ભેદ આવતો નથી. એનું સ્વરૂપ જ એવું છે. એ જો એક દૃષ્ટિ જ હોય ને જ્ઞાન જો સાથે ન હોય તો એ એને સાધકદશા થાતી નથી. અને એકલું બધું જાણ્યા કરે પણ દૃષ્ટિ એક ઉપર સ્થિર ન કરે તો એ સાધકદશા થાતી નથી દૃષ્ટિ ભલે મુખ્ય-મુખ્ય રહે છે. પણ જો જ્ઞાન સાથે ન હોય તો એ સાધકદશા થાતી નથી. અને જ્ઞાન એકલું પણ દૃષ્ટિ એ એક ઉપર સ્થિર ન કરે, પ્રતીત અસ્તિત્વ ઉપર જોર ન આપે તો પણ સાધકદશા થાતી નથી. ૧૧.

**✻ પ્રશ્ન : આમ તો બંનેને પરસ્પર વિરોધ છે? દૃષ્ટિનો અભેદ વિષય ને જ્ઞાનનો ભેદવિષય છે?**

● ઉત્તર : પરસ્પર વિરોધ નથી. એકબીજા એકબીજાને સાથ આપનાર છે જ્ઞાનમાં બધુંય આવે છે. જ્ઞાનમાં એકલો કાંઈ ભેદ નથી આવતો. જ્ઞાનમાં અભેદ ને ભેદ બેય આવે છે. જ્ઞાનમાં બેય આવે છે દૃષ્ટિમાં એક આવે છે, પણ જ્ઞાનમાં બેય આવે છે, પણ દૃષ્ટિ એક ઠેકાણે સ્થિર રહે છે. તો એકને ગ્રહણ કરીને એક પર જોર આપે છે અને તે એક મુખ્ય રહેવાથી એની સાધકદશા સધાય છે. જ્ઞાનમાં બેય પડખા આવે તો એ સાધકદશા—એકાંત થાય તોય સાધકદશા સધાતી નથી. કાંઈ પર્યાયમાં કાંઈ છે જ નહીં. વિભાવ નથી. કાંઈ નથી—તે એમ માને, એકાંત એમ માને તો સાધકદશા—કાંઈ કરવાનું જ રહેતું નથી. એકાંત જો માને તો કાંઈ કરવાનું રહેતું જ નથી. ૧૨.

**✻ પ્રશ્ન : જ્ઞાનમાં ભેદ આવે છે?**

● ઉત્તર : જ્ઞાન અભેદ એક દ્રવ્યને સ્વીકારે છે ને જ્ઞાન પર્યાયનેય સ્વીકારે છે. બેયને સ્વીકારે છે. જ્ઞાન એકલી પર્યાય સ્વીકારે છે એવું નથી. જ્ઞાન અભેદનેય સ્વીકારે છે અને જ્ઞાન ભેદનેય સ્વીકારે છે. બધું સ્વીકારે છે. ૧૩.

**✻ પ્રશ્ન : અભેદને જ્ઞાન સ્વીકારે છે. એ દૃષ્ટિનો વિષય અભેદ ઈ જ દ્રવ્ય?**

● ઉત્તર : હા. અભેદ-દૃષ્ટિનો વિષય અભેદ છે ઈ જ્ઞાન સ્વીકારે છે. દૃષ્ટિ જે સ્વીકારે છે એ જ જ્ઞાન સ્વીકારે છે. જ્ઞાન કાંઈ જુદું નથી સ્વીકારતું. કેવળજ્ઞાન પ્રગટ થાય. મુનિદશા પ્રગટ થાય. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું પ્રગટ થાય. બધી પર્યાય પ્રગટ થાય છે અને ઈ બધું પૂજનીય કહેવામાં આવે કે બધું પૂજનીય છે. સાધકદશા કે પૂર્ણદશા, કેવળદર્શન થાય, સિદ્ધદશા થાય—એ બધું પર્યાયમાં પ્રગટ થાય. એ બધું પૂજનીય છે. ચારે બાજુ વિચાર કર્યા કરે પણ એક વસ્તુ પર સ્થિર ન થાય તો આગળ જઈ શકતો નથી.

વિચાર ચારે બાજુ કરે, વિચારમાં, જાણવામાં બધું આવે. આંહીથી ભાવનગર જાવું તો ક્યા રસ્તે આવે એ નક્કી કરી લીધું ત્યાં સ્થિર થઈને એ માર્ગે ચાલવા માંડે, પણ જ્ઞાનમાં બધો ખ્યાલ કે ક્યાં ક્યાં વચ્ચે શું આવે? અને કેમ જાવું? ક્યાં જાવું? --ઈ બધું જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે પણ એક વાતને જો સ્થિર ન કરે કે અહીંયા જ જાવું છે, ત્યાં એક સ્થિર ન કરે તો આગળ જઈ શકતો નથી. આ દ્રવ્ય આ જ છે ને આ જ દ્રવ્યને સાધવાનું છે. આ દ્રવ્ય જે અનાદિ-અનંત વસ્તુ છે, એની પર્યાયમાં વિભાવ છે. ઈ એક વસ્તુ શુદ્ધાત્મા એને જ સાધવાનું છે. ત્યાં એક દૃષ્ટિ કરે, પ્રતીત કરે, સ્થિર કરે અને જો આગળ જાય તો જવાય છે. પણ જ્ઞાનમાં એને બધો ખ્યાલ—વચ્ચે શું શું આવે છે? શું વિભાવ? શું સ્વભાવ? બધો ખ્યાલ રાખીને જ દૃષ્ટિના જોરથી આગળ જાય છે. એ બેય સાથે હોવું જોઈએ. નહીંતર માર્ગ સધાતો નથી. ૧૪.

✻ પ્રશ્ન : જ્ઞાનમાં જાણ્યું તે દ્રવ્યને જ દૃષ્ટિ મુખ્ય કરે છે?

● ઉત્તર : એને જ દૃષ્ટિ સ્થિર કરે છે કે આ જ્ઞાનમાં જાણ્યું પછી એક દૃષ્ટિ પ્રતીતમાં એક સ્થિર કરે છે કે આ જ વસ્તુ છે. એના ઉપર સ્થિર થઈને દૃષ્ટિને એના ઉપર થંભાવીને આગળ જાય છે. વસ્તુ આ છે એના ઉપર દૃષ્ટિનું જોર આવે છે. એટલે એમાં બીજું બધું ગૌણ થાય છે. ભેદ...એ ચારે બાજુ નજર કર્યા કરે તો એમાં આગળ (ન જવાય.) એક ધ્યેય બાંધે કે—આ દૃષ્ટિએ એક દ્રવ્યને ગ્રહણ કર્યું. પછી એમાં શું શું બધું છે ને કેવી રીતે આગળ જવાય—એ જ્ઞાન જાણે છે. એ બેય સાથે હોવું જોઈએ. દૃષ્ટિને મુખ્ય એમાં કહેવામાં આવે છે કે જ્ઞાન જાણે, પણ એક વસ્તુને સ્થિર ન કરે. પ્રતીતમાં દૃઢતા ન લાવે કે આ એક વસ્તુ છે એ એને સાધવા એના ઉપર દૃષ્ટિ સ્થિર ન થાય તો આગળ જવાતું નથી. માટે દૃષ્ટિ મુખ્ય છે. પણ એમાં, જ્ઞાનમાં જો આ બધું જાણે નહીં કે આ વસ્તુ શું છે? પર્યાય શું? વિભાવ શું? સાધકદશા શું? ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

શું? ઈ જાણે નહીં તો આગળ જઈ શકાતું નથી. એક—એક દૃષ્ટિ સ્થિર થઈ હવે, એમ ને એમ ચલાઈ જશે. એમ ચલાતું નથી. વસ્તુ-માર્ગને જાણ્યા વગર ચારે બાજુથી આગળ જઈ શકાતું નથી. બીજા નિષેધ કરે એમાંથી એને નિષેધ કરે કે 'એક હું તો અનાદિનો, શુદ્ધાત્મા છું ને હવે એમાં કાંઈ જ નથી. બીજું હવે કાંઈ નથી કરવાનું'. ઈ એમ આગળ જઈ શકાતું નથી. જ્ઞાન વિભાવનો વિવેક, વિભાવ-સ્વભાવનો ન કરે તો આગળ જવાતું નથી. ૧૫.

✻ પ્રશ્ન : દૃષ્ટિને જ્ઞાન સમર્થન આપે છે.

● ઉત્તર : હા. સમર્થન આપે છે. દૃષ્ટિનું બળ વધે છે. દૃષ્ટિના બળથી આગળ જવાય છે અને જ્ઞાન સમ્યક્ થઈ બધું સમર્થન આપે છે, ને આગળ જવાય છે. પ્રતીતને દૃઢ કર્યા વગર આગળ જઈ શકાતું નથી. જ્ઞાનમાં જાણ્યા કરે. ઉત્પાદ-વ્યય આમ ને આત્મા આમ ને શુદ્ધ આમ. અશુદ્ધ આમ, વિભાવ આમ ને સ્વભાવ આમ—દ્રવ્ય શુદ્ધ ને બધા વિચારો કરે પણ એક વસ્તુ જ્ઞાયકને ગ્રહણ કરે ને એના પર દૃષ્ટિને સ્થિર કરે. એનું જ્ઞાન કરી પ્રતીતિ કરે અને પ્રતીત સમ્યક્ ક્યારે થાય કે જ્ઞાન સાથે હોય તો. ૧૬.

✻ પ્રશ્ન : ઉત્પાદ--વ્યય ધ્રુવનું જ્ઞાન પણ યથાર્થ જ હોય ને ?

● ઉત્તર : યથાર્થ હોવું જોઈએ. ઉત્પાદ-વ્યય-ધ્રુવનું જ્ઞાન જેમ છે એમ હોવું જોઈએ. જ્ઞાન જેમ છે એમ હોવું જોઈએ. બધી અપેક્ષાઓથી હોવું જોઈએ. ૧૭.

✻ પ્રશ્ન : યથાર્થ જ્ઞાનમાં ધ્રુવનું આલંબન પણ યથાર્થ અંદર એમાં આવી જ જાય છે ?

● ઉત્તર : યથાર્થ જ્ઞાનમાં ધ્રુવનું આલંબન, એ યથાર્થ જ્ઞાન-સમ્યક્‌જ્ઞાન હોય તો એમાં સમ્યક્‌દૃષ્ટિ સાથે જ હોય છે. સમ્યક્‌દર્શન હોય તેને સમ્યક્‌જ્ઞાન સાથે જ હોય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવની બધી અપેક્ષાઓ આવવી જોઈએ. એકાંત બધું નથી કાંઈ. એકલું દ્રવ્ય છે એમ સમજવાથી આગળ જવાતું નથી. કાઢી નાખવાથી આગળ

જવાતું નથી. એકલું ધ્રુવ-ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું દ્રવ્ય એમાં આવતું નથી. નય, પ્રમાણ સાથે હોય છે. પ્રમાણ કાંઈ ખોટું નથી. પ્રમાણ તો શાસ્ત્રમાં કેમ કહેવામાં આવે છે? જેમ નય યથાર્થ. જે દ્રવ્ય પર દૃષ્ટિ કરનારી નય યથાર્થ છે એમ પ્રમાણ પણ યથાર્થ છે. એકબીજાને સાથ દેનારા છે. રાજા ને પ્રધાન બધા સાથે હોય છે. એ તો બેય જુદું જુદું છે. ૧૮.

✻ પ્રશ્ન : દ્રવ્ય રાજા છે, પ્રધાન છે એટલે બધા પડખા?

● ઉત્તર : બધું, બધા પડખાઓ જાણવા (શ્રોતા : એકમાં અહમ્‌પણું કરવું જોઈએ) આ દ્રવ્ય તે 'હું' છું એમાં દૃષ્ટિ થંભાવવી જોઈએ. 'આ જ હું છું, બીજું કાંઈ નથી મારું સ્વરૂપ. 'આ દ્રવ્ય તે જ હું છું'. આવો જે જ્ઞાયક, જ્ઞાનમાં આ જે ચૈતન્યતા ભરેલું જે દ્રવ્ય —તે 'હું' છું પછી એમાં શું પરિણામ થાય ને શું પર્યાયો થાય—ઈ બધું જ્ઞાનમાં આવે છે. ઓલું એક ગ્રહણ કરી લીધું. ધ્યેય ગ્રહણ કરી લીધા પછી એમાં શું છે ઈ બધું. આ એક નગર છે એમ નક્કી કરી લીધું. તેમાં ધ્યેય બાંધ્યું પછી એમાં શું શું છે એ જ્ઞાન જાણે છે કે 'આ ચૈતન્ય છું' દૃષ્ટિને સ્થિર કરે. પ્રતીતને દૃઢ કરે એના ઉપર ચૈતન્યની ઉપર. આ વસ્તુ છે. 'હું ચૈતન્ય છું.' એમ ગ્રહણ કર્યું, એ વસ્તુનું જ્ઞાન કર્યું, ગ્રહણ કર્યું પછી શું છે એ વસ્તુની કાંઈ ખબર નથી. એક અસ્તિત્વ ગ્રહણ કર્યું. ઈ તો બધું જ્ઞાનમાં આવે, હું તો કંઈ જાણતો નથી. એક અસ્તિત્વ છે, એક નગર છે પછી શું એમાં છે, કાંઈ ખબર નથી. એવી જાતનો થયો એનો અર્થ. ૧૯.

✻ પ્રશ્ન : સાથે જ્ઞાન પણ હોવું જોઈએ?

● ઉત્તર : સાથે જ્ઞાન હોવું જોઈએ તો જ યથાર્થ સાધના થાય છે. એ આત્મા શુદ્ધાત્મા છે પણ એની પર્યાયમાં વેદન નથી. જે આત્માનું સ્વરૂપ જે સ્વાનુભૂતિનું વેદન નથી. એ એના ગુણોની સ્વરૂપ તરફ નિર્મળ પર્યાયો પ્રગટી નથી. વિભાવનું વેદન છે અને નક્કી એમ કર્યું કે 'હું શુદ્ધાત્મા છું' પણ વેદન તો આ છે. સ્વરૂપનું

વેદન કઈ રીતે આવે? એ તો અંદર એને આવવું જોઈએ. વેદન કેવી રીતે થાય? ૨૦.

✻ પ્રશ્ન : એ તો પ્રયોજન છે?

● ઉત્તર : ઈ પ્રયોજનભૂત છે. વેદન નથી શુદ્ધાત્માનું નક્કી કર્યું કે આ અસ્તિત્વ તે 'હું' છું. મારામાં કંઈ પરપદાર્થ તરફનો કંઈ વિભાવ નથી. હું ચૈતન્ય છું. પણ આ વેદન વિભાવનું છે એનું કારણ શું? અને સ્વભાવનું વેદન કેમ થાય? તે જાણવું જોઈએ ને એ તરફનો પુરુષાર્થ એને આવ્યા વગર રહેતો નથી. જ્ઞાન તો સાથે ને સાથે જ છે. એ છુટું નથી પડતું, એક દ્રવ્યના જે ગુણો છે એ ગુણ બેય છુટા નથી. એ એકબીજાને સાથ દેનારા છે. એક દ્રવ્યમાં રહેલા ગુણો એકબીજાથી વિરુદ્ધ કાર્ય કરતા નથી. એક દ્રવ્યમાં રહેલા ગુણો એ એકબીજાને સાથ દેનારા છે. એકની દિશા જે તરફ જાય, એ તરફ બધાની દિશા થાય છે. 'સર્વ ગુણાંશ તે સમ્યક્‌દર્શન'—એક તરફ જે દૃષ્ટિ ગઈ એની સાથે જ્ઞાન પણ ઈ જ દિશામાં જાય છે. બધુંય ઈ દિશામાં જાય છે એ એકબીજાને સાથ દેનારા એનાથી જુદા નથી પડતા કે એક કાંઈક કાર્ય કરે ને એક એનાથી જુદું કાર્ય કરે એ ઊંધું કરે છે—એવો અર્થ નથી. અંદર એની લીનતા એ તરફ—બધું ઈ તરફ જાય છે કે એક દૃષ્ટિએ—આત્માને ગ્રહણ કર્યો પછી બીજી પર્યાય કંઈ એનાથી જુદું કરે છે—એવો એનો અર્થ નથી. ઈ દ્રવ્યને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાન પર્યાયને જાણે, જ્ઞાન બધુંય જાણે છે. ને દૃષ્ટિ પોતે જ દ્રવ્ય ઉપર સ્થિર રહે છે. પોતે 'હું શુદ્ધાત્મા છું' આ પર્યાયમાં આ જ્ઞાન બધું કાર્ય કરે ને પુરુષાર્થ થાય છે, લીનતા થાય છે. બધુંય એ તરફ જાય છે. ૨૧.

✻ પ્રશ્ન : દૃષ્ટિ નિશ્ચિંતપણે બેસવાથી પુરુષાર્થને વેગ મળે ?

● ઉત્તર : દૃષ્ટિ. હાં પુરુષાર્થને વેગ મળે. દૃષ્ટિ નિશ્ચિત થાય કે 'આ જ હું છું, શુદ્ધાત્મા છું' તો પુરુષાર્થને વેગ મળે છે. પણ એમ માને કે કર્મનું કાંઈ નથી તો વેગ નથી મળતો. પણ દૃષ્ટિ સ્થિર થઈને

હજી પર્યાયમાં કાંઈક છે એમ જ્ઞાનમાં હોય તો વેગ મળે છે. તો દૃષ્ટિમાં સમ્યક્ત્વ આવે છે. જ્ઞાનમાં એમ હોય કે હજી વિભાવ છે, ઈ એનું જ્ઞાનમાં હોવું જોઈએ. દૃષ્ટિ એક સ્થિર થઈ. પણ હજી પર્યાયમાં આ વિભાવ રહેલો છે એમ જ્ઞાનમાં હોય, બે સાથે હોય તો વેગ મળે છે. ૨૨.

**✻ પ્રશ્ન : જ્ઞાનમાં કંઈ કચાશ ખ્યાલમાં આવે તો દૃષ્ટિને વેગ મળે કે હજી આટલી કચાશ છે?**

● ઉત્તર : તો દૃષ્ટિને વેગ મળે, ઈ બેય અરસપરસ છે. દૃષ્ટિને વેગ મળે છે જ્ઞાનથી ને દૃષ્ટિથી જ્ઞાનને વેગ. બધું અરસપરસ, લીનતા બધું અરસપરસ એક સાથે જ હોય છે. વિરુદ્ધ કાર્ય નથી થાતું. ૨૩.

❀ બહેનશ્રી : પ્રયોગ કરવાનો પોતાને રહે છે ને. શાસ્ત્રમાં બધું આવે છે. ગુરુદેવે ખૂબ સ્પષ્ટ કરીને કીધું છે કે ભેદજ્ઞાન કર. પણ કરવાનું પોતાને. દ્રવ્યદૃષ્ટિ કર. ભેદજ્ઞાન આવે, ભેદજ્ઞાનનો પ્રયોગ તો પોતાને કરવાનો રહે છે. એવી રીતે અંતરમાં પરિણતિ ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરવી અને એ જ્ઞાયકને ગ્રહણ કરવો, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને ભેદજ્ઞાન કરવું. એ પ્રયોગમાં મૂકવું તો પોતાને કરવાનું રહે છે. ૨૪.

❀ બહેનશ્રી : જ્ઞાયક પર દૃષ્ટિ કરે તો જ્ઞાયક મુખ્ય રહે છે. અને ઈસકી મહિમા દૃષ્ટિમેં ભી રહતી હૈ. જ્ઞાનમેં ભી રહતી હૈ. ચારિત્રમેં ભી રહતી હૈ. દૃષ્ટિ-દૃષ્ટિકા દોર– દૃષ્ટિકા વિષય વો દ્રવ્ય હૈ. ઈસકી મુખ્યતા કરકે ઈસકી મુખ્યતા જ્ઞાનમેં ભી ખ્યાલ રહે. જ્ઞાન પણ જૈસી દૃષ્ટિ હૈ વૈસા જ્ઞાન હૈ. જ્ઞાન દોનોંકો જાનતા હૈ. દ્રવ્ય ઔર પર્યાયકો. દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર હોતી હૈ ઔર જ્ઞાન ઔર ચારિત્રમેં લીનતા એટલે મહિમા તો તીનોંમેં હૈ. ઈસલિયે દૃષ્ટિ મુખ્ય કર કે જ્ઞાન જ્ઞાયક મુખ્ય રહતે હૈ. તીનોંમેં રહતે હૈ. ૨૫.

✻ પ્રશ્ન : લૌકિક પૂર્ણતામેં તો પરિપૂર્ણતાકી મહિમા પૂરી હોની ચાહિયે, દૃષ્ટિ પૂર્ણ હો જાતી હૈ, તો પૂર્ણ મહિમાકે કારણ હોતી હૈ. જ્ઞાન ભી પરિપૂર્ણ કેવળજ્ઞાન રૂપ લેવે તો મહિમારૂપ પરિપૂર્ણ હોના ચાહિયે?

● ઉત્તર : મહિમા આવે એટલે પરિપૂર્ણ હો જાયે ઐસા નહીં હૈ. મહિમા તો હોતી હૈ દૃષ્ટિમેં મહિમા. દૃષ્ટિકા વિષય પૂર્ણ હૈ. અખંડ દ્રવ્ય પર દૃષ્ટિ કરી, પણ જ્ઞાન ભી ઉસકો જાનતે, જ્ઞાનમેં મહિમા આવે એટલે પૂર્ણ હો જાય ઐસા નહીં હોતા હૈ. મહિમા આના દૂસરી વસ્તુ હૈ. પૂર્ણતા પીછે પુરુષાર્થકી મંદતા હોનેસે પીછે પૂર્ણતા ધીરે ધીરે હોતી હૈ. દૃષ્ટિમેં પૂર્ણતા આ ગઈ પણ વો ચારિત્રમેં પૂર્ણતા નહીં હોતી હૈ. મહિમા આવે એટલે પૂર્ણ હો જાય, ઐસા નહીં હોતા હૈ. ૨૬.

✻ પ્રશ્ન : જ્ઞાનકી પર સન્મુખતા રહતી હૈ અસ્થિરતા કે કારણ તો યે હી રાગ જ્ઞાનકો ભી અપને દ્રવ્યસ્વભાવકે પરિપૂર્ણ મહિમાકે સાથ લીનતા ન બને?

● ઉત્તર : લીનતા કમ રહતી હૈ. જ્ઞાનકી લીનતા નહીં. ચારિત્રકી લીનતા કમ રહતી હૈ. લીનતા તો ચારિત્રમેં હોતી હૈ. જ્ઞાન તો જાણતે હૈ. જ્ઞાન જાણતે હૈ. દૃષ્ટિ પ્રતીત જોરદાર હો ગઈ દ્રવ્ય ઉપર કે ‘મૈં યે હી હૂં, યે મેરા સ્વભાવ હૈ’ યે સબ આદરણીય યોગ્ય યે સ્વભાવ હી હૈ. પણ પુરુષાર્થ કમ રહતા હૈ ઈસલિયે જલદીસે નહીં હો સકતા. અંતરની એની શ્રદ્ધાની પરિણતિ, એ જ્ઞાનની પરિણતિ, ચારિત્રની પરિણતિ એ અંતરમાંથી જ જો એને એ યથાર્થ ભાવના હોય તો એવી રીતે એનું પરિણમન થયા વગર રહે જ નહીં. ઈ એનો માર્ગ ઈ અંદરથી દ્રવ્ય જ ગોતી લે, દ્રવ્ય જ એનું કાર્ય કરી દે. એ રીતે દ્રવ્ય કાર્ય ન કરે તો એ દ્રવ્યનો નાશ થાય. એકનો નાશ થાય થાય તો બધાનો નાશ થાય. વસ્તુનું સ્વરૂપ એવું હોય જ નહીં. એવી એની શ્રદ્ધાની પરિણતિ, જ્ઞાનની, ચારિત્રની પરિણતિ અંતરમાંથી

પરિણમન થયા વગર રહે જ નહીં. ઈ અંતરમાંથી પોતે જ અંદર દ્રવ્ય જ માર્ગ કરીને પોતે પોતાનો આશ્રય લઈ, ગ્રહણ કરીને પોતે જ પહોંચી જાય છે. ૨૭.

**✻ પ્રશ્ન : આપ કહો છો, અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે. એમાં પર્યાય એક એ રીતે જ્ઞાન...જ્ઞાન જાણ્યા કરે સમ્યક્‌જ્ઞાનમાં એવી વસ્તુનું શું સ્વરૂપ છે? પ્રયોજનની સિદ્ધિ માટે એકને ગ્રહણ કરી લેવાનું?**

● ઉત્તર : એ એક અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે અને દૃષ્ટિના વિષયમાં એક અસ્તિત્વ જ બસ ચૈતન્યનું ગ્રહણ કરી લેવાનું. ‘હું છું જ્ઞાયક’. બસ! પછી જ્ઞાન ને શ્રદ્ધા બેય મૈત્રીભાવે છે. એ બે આમ એક છે ને આમ એક છે એમ નથી. એક આશ્રય ગ્રહણ કરી લીધો. બસ! એમાં એક ગુણભેદ-પર્યાયભેદ ગૌણ થઈ ગયા દૃષ્ટિમાં. વિભાવ સ્વભાવ પોતાનો નથી. આ શરીર તો જડ છે. એ વિભાવ-સ્વભાવ પોતાનો નથી અને ગુણભેદ-પર્યાયભેદ ઈ બધા કઈ રીતે એના ભેદ છે—એ બધું જ્ઞાનમાં આવે છે. દૃષ્ટિ એક પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે. એ અસ્તિત્વ ગ્રહણ કરે એમાં ગુણભેદ-પર્યાયભેદ બધું ગૌણ થઈ ગયું. એક અસ્તિત્વનું જોર છે એને મુખ્ય કર્યું છે. પછી એમ એને સહજ નથી ને એટલે વિકલ્પમાં એમ આવે છે કે આ અસ્તિત્વમાં આ ગુણભેદ-પર્યાયભેદ નથી. આ જ્ઞાનમાં છે એમ એને વિકલ્પ આવ્યા કરે એટલે બેય વિરુદ્ધ જેવું થાય છે. એમાં ઈ સહજ હોય ને. એક અસ્તિત્વ ગ્રહણ કરી લીધું. એમાં ગુણભેદ-પર્યાયભેદ બધું જ્ઞાનમાં જણાય છે. પછી એના દૃષ્ટિના વિષયમાં ઈ ક્યાંય બધું ગૌણ થઈ જાય છે. બસ! એક જ અસ્તિત્વ ગ્રહણ કરતા પોતાનું સામાન્ય અસ્તિત્વ ગ્રહણ કરી લે છે. ૨૮.

● ભક્તિ : શ્રદ્ધાના સૂર્યથી ઉજાળુ આતમને,
　　　　જ્ઞાન દીપકથી પ્રકાશું જ્ઞાયકને.

✻ **પ્રશ્ન : સન્મુખતા માને જ્ઞાન કરતા હૈ? કિ શ્રદ્ધાન જ્ઞાન, ચારિત્ર એ ત્રણ હોતા હૈ?**

● ઉત્તર : સન્મુખતા વો દૃષ્ટિ ઔર જ્ઞાનમેં હોતા હૈ. ચારિત્ર તો યે લીનતા અંશે હોતી હૈ. યે દૃષ્ટિ ઔર જ્ઞાન હોતા હૈ. ચારિત્ર સાથમેં રહતા હૈ અંશમેં. સ્વરૂપાચરણ ચારિત્ર હોતા હૈ ને વો અંશરૂપ. પણ જબ પ્રગટ નહીં હુઆ હૈ તબ તો સન્મુખતા હૈ નહીં. યથાર્થદૃષ્ટિ-જ્ઞાન-ચારિત્ર, યથાર્થ હોતા હૈ તબ તક તો સન્મુખતા હૈ. જબ પ્રગટ હોતા હૈ તબ દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્ર અંશે સબ સાથમેં પ્રગટ હોતા હૈ. ચારિત્ર એટલે વો ચારિત્ર-સ્વરૂપાચરણ ચારિત્ર. વો ચારિત્ર જે આચરણરૂપ ચારિત્ર હોતા હૈ કિ દેશચારિત્ર અંશમેં હોતા હૈ ભીતરમેં વો નહીં. ચારિત્ર—સ્વરૂપાચરણ ચારિત્ર જે અનંતાનુબંધી કષાય તૂટકે જો હોતા હૈ સ્વરૂપાચરણ, વો હોતા હૈ. સમ્યક્જ્ઞાન ચારિત્ર પહેલે. વો (દેશચારિત્ર) પીછે હોતા હૈ. પણ સન્મુખતામેં તો હજી યથાર્થ દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્ર હૈ ને તો સન્મુખ જાતા હૈ યથાર્થ તો પીછે હોતા હૈ. તો દ્રવ્ય પકડનેકો જાતા હૈ, ઉસકે સન્મુખ—વો સન્મુખતા હૈ. ૨૯.

✻ **પ્રશ્ન : જ્ઞાનની પર્યાય પોતાનું કાર્ય કર્યા કરે. શ્રદ્ધા ગુણનું કાર્ય તો અસ્તિત્વને ગ્રહણ કરવું એટલું જ છે. સમ્યક્ અથવા મિથ્યા?**

● ઉત્તર : અસ્તિત્વ ગ્રહણ કરવું. એક સામાન્ય ઉપર જોરથી શ્રદ્ધા રાખવી કે ‘આ હું’ છું. આ જ ‘હું’ છું. બીજું નથી. ‘હું’ મુખ્ય સ્વરૂપ મારું આ છે. હું ચૈતન્યરૂપી જ્ઞાયક છું, આ બધું વિભાવ કે બધું ભેદાભેદ કે ઈ બધું—મારા મૂળ સ્વભાવમાં નથી. ઈ બધા લક્ષણભેદ ભલે હોય પણ મૂળ સ્વભાવમાં નથી. એ એનું જોર છે, શ્રદ્ધા ને અસ્તિત્વનું, એ અસ્તિત્વ ગ્રહણ કરે છે એનો દૃષ્ટિનો વિષય એ એટલો જોરથી કે એમાં શ્રદ્ધા કરે. દૃષ્ટિ કહો, એનો વિષય કહો, જ્ઞાનમાં એમ આવે કે એનો અસ્તિત્વ હોવા છતાં ઈ ચૈતન્ય કેવા સ્વરૂપે છે. એમાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે બધું જ્ઞાનમાં આવે

છે. પણ ઈ બધું કટકારૂપે નથી. ઈ બધું જ્ઞાનમાં આવે છે. ઈ બેય મૈત્રીભાવે રહે છે એ આ અપેક્ષાએ છે. એટલે ઓલી અપેક્ષાએ એ નથી. એમ જ્ઞાનમાં બેય—જ્ઞાન દૃષ્ટિને ગ્રહણ કરે છે, અસ્તિત્વને, ને ભેદને બધું ગ્રહણ કરે છે. જ્ઞાનમાં બધું આવે છે. ૩૦.

✻ પ્રશ્ન : શ્રદ્ધાનું કાર્ય શું છે. શ્રદ્ધા કોને સ્વીકારતી નથી.. એ બધું જ્ઞાનથી જાણે છે?

● ઉત્તર : જ્ઞાન જેમ છે એમ જાણે છે. ૩૧.

પ્રશ્ન : શ્રદ્ધા જ્ઞાયક તત્ત્વને સ્વીકારે છે. જ્ઞાન સાથે સાથે આ છું ને આ નથી, એમ પણ જાણી લે છે.

● ઉત્તર : જ્ઞાનમાં 'આ હું છું ને આ નથી' એ જ્ઞાનમાં બધું આવી જાય છે. કઈ અપેક્ષાએ છે, કઈ અપેક્ષાએ નથી. સામાન્ય-વિશેષ બધું જ્ઞાનમાં આવે છે. જ્ઞાન વિવેકનું કાર્ય કરે, શ્રદ્ધા એક ઉપર જોર લાવે કે પોતાને એક ગ્રહણ કરી લીધું કે આ 'હું' છું. બીજું નહીં. અસ્તિત્વ એવું અસલી. જે અસ્તિત્વ છે એનું અસલી જે અસ્તિત્વ છે એ એને ગ્રહણ કરી લીધું છે. પણ ઈ ગ્રહણ કર્યા વગર મુક્તિનો માર્ગ થતો નથી. આ બધું જ્ઞાનમાં જાણ્યું પણ એક ઉપર જો જોર ન આવે તો એ આગળ જઈ શકતો નથી. જોર એક પર આવવું જોઈએ. આ અપેક્ષાએ ગુણભેદ, પર્યાયભેદ છે, આ વિભાવ-સ્વભાવ મારો નથી. આ કઈ અપેક્ષાએ એમ જાણ્યું. પણ જોર એક ઉપર 'આ હું છું,' પછી એમાં આ ગુણ છે, પર્યાય છે બધું જ્ઞાનમાં જણાય છે. કારણ કે એક ભગવાનને જાણે—ભગવાન કોઈ દિવ્ય છે એ ભગવાનનો આશ્રય લીધો. મારે ભગવાનના દર્શન કરવા છે. પછી એક ભગવાનનું અસ્તિત્વ એમ કે આ ભગવાન છે. પછી ભગવાન કેવા છે ઈ બધું વિસ્તારજ્ઞાન આવે. પણ ઈ આશ્રય કરનારો ભગવાન—એક ભગવાનને ગ્રહણ કરે છે. એમ આ એક અસ્તિત્વને ગ્રહણ કરે છે. ઈ તો બહારનું છે. આ તો અંતરનું છે. જે આત્માનું કલ્યાણ કરવાનું છે. ગુરુ-આ ગુરુ છે. આ આપણા ગુરુ છે. બસ! એ ગુરુને ગ્રહણ કર્યા

પછી, એના વિચારો—ગુરુ કેવા છે ઈ તો ઓલું નક્કી કરી લીધું કે આ ગુરુ છે એને અંતરમાં કોઈ દશા જુદી, જે આ ગુરુ જુદા નક્કી કરીને શ્રદ્ધા કરી—આ ગુરુ પછી ગુરુનો આશ્રય લીધા પછી—પછી એમાં વિચારો વારે વારે એમ આવે ઈ નથી આવતા. એક ગુરુ જ છે એમ થઈ જાય, એક આશ્રય લઈ લીધો એણે. એમ નક્કી બધું કઈ અપેક્ષાએ ગુરુ ઈ નક્કી કરી લીધું પછી શ્રદ્ધા જ આવી ગઈ કે આમ ગુરુ છે. પછી જ્ઞાનમાં જાણે છે. ગુરુ કઈ રીતે છે એમ પણ પછી વારે વારે વિચાર નથી કરતો. એક અસ્તિત્વ ગુરુનું ગ્રહણ કરી લીધું છે. એમ જ્ઞાયકને ગ્રહણ કરી લીધો. જે ચૈતન્ય છે—જે જડ છે, બધું જ્ઞાનથી નક્કી કરે ને પછી શ્રદ્ધા કરી લીધી કે 'આ જ્ઞાયક તે હું' પછી એ અસ્તિત્વ ગ્રહણ કરી લીધું પછી શ્રદ્ધાનું જોર એની ઉપર જ રહે, પછી શક્તિ અપેક્ષાએ હજી પ્રગટ તો થયું નથી. ઈ પછી જ્ઞાનમાં બધો વિવેક કરીને ઈ તરફનું જોર રાખીને એનો પુરુષાર્થ ચાલુ કરે છે. સામાન્ય અસ્તિત્વ—અનંતગુણથી ગુંથાયેલો આત્મા—એનું સામાન્ય અસ્તિત્વ ગુણ ઉપર દૃષ્ટિ નથી. દૃષ્ટિ એક સામાન્ય ઉપર છે. પર્યાયોનું વેદન થાય છે. પર્યાયો પલટતી હોય છે. ઈ બધું જ્ઞાનમાં જાણે છે. જે સ્થિર હોય એનો જ આશ્રય લેવાય છે. જે પલટતું હોય તેનો આશ્રય નથી આવતો જે સ્થિર હોય, એનો આશ્રય આવે છે. પર્યાયો પલટતી રહે છે. એની ઉપર દૃષ્ટિ, એનો આશ્રય ન લેવાય. જે સ્થિર હોય એનો આશ્રય લેવાય. પર્યાયો પણ પલટતી જે ગુણ હોય એનું કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. એવો પલટવાનો સ્વભાવ પણ છે આત્માનો. ૩૨

✻ પ્રશ્ન : દૃષ્ટિનું એટલું જોર આવ્યા પછી એનો અભ્યાસ કરવો? દરેક પ્રસંગમાં 'હું તો જુદો છું. હું તો જુદો છું' એમ જે આપે બતાવ્યું એ દૃષ્ટિનું જોર આવ્યા પછી એનો વારંવાર અભ્યાસ કરવો?

● ઉત્તર : વારંવાર અભ્યાસ કરવો. 'હું તો તો જુદો જ છું. આ શરીર તે 'હું' નથી. આ વિભાવ હું નથી. હું તો એક 'જ્ઞાયક' જ છું. આ વિભાવરૂપે પરિણમવું ઈ કાંઈ મારો સ્વભાવ નથી.'૩૩.

* પ્રશ્ન : પહેલા તો જ્ઞાનમાં યથાર્થ આવી જવું જોઈએ ને? પછી જ શ્રદ્ધા થઈ જાય ને?

● ઉત્તર : હા. જ્ઞાનમાં યથાર્થ થાય, પછી નક્કી કરે, વિચારથી નક્કી કરે તો શ્રદ્ધા થાય. વિચાર તો વચ્ચે આવ્યા વગર રહેતા નથી. તત્ત્વના વિચાર--વિચારથી શ્રદ્ધા થાય પણ એ મુક્તિના માર્ગમાં મુખ્ય રહે છે. શ્રદ્ધા સમ્યક્ થાય એટલે જ્ઞાન સમ્યક્ થાય. પણ જ્ઞાન વચ્ચે આવ્યા વગર રહેતું નથી. વિચારથી શ્રદ્ધાથી જ્ઞાનથી નક્કી કરે છે. વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી. ૩૪.

* પ્રશ્ન : શ્રદ્ધાને સમ્યક્ થવા માટે યથાર્થ જ્ઞાનની જ યથાર્થતાની જરૂર છે?

● ઉત્તર : જ્ઞાનની જરૂર પડે છે. શ્રદ્ધા યથાર્થ થવા માટે જ્ઞાનથી જ નક્કી થાય છે. તત્ત્વ વિચારથી જ નક્કી થાય છે, એટલે જ્ઞાન એનું સાધન છે. જ્ઞાન તો એનું સાધન છે. શ્રદ્ધા થવામાં જ્ઞાન સાધન છે. શ્રદ્ધા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને જોરથી પછી મુક્તિના માર્ગમાં આગળ ચાલે છે. શ્રદ્ધા થવામાં જ્ઞાન આગળ થાય છે. (શ્રોતા : ગૌણપણે ભેદ પાડી શકે છે?) હા. એ તત્ત્વને લગતું જ હોવું જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને લગતું, તત્ત્વને લગતું. ઈ તત્ત્વમાં ભૂલ પડે તો ઈ શ્રદ્ધાના દોષમાં જાય છે. ૩૫.

* પ્રશ્ન : શુભરાગથી ધર્મ થાય એ બધા શ્રદ્ધાના દોષ છે?

● ઉત્તર : હા, ઈ બધું એ શ્રદ્ધાના દોષમાં જાય છે. શુભ-રાગથી ધર્મ થાય, શુભ આવે છે. પણ એનાથી લાભ કે ઈ કાંઈ પોતાનું સ્વરૂપ નથી. શ્રદ્ધાનો ઈ તત્ત્વમાં ભૂલ પડે તો ઈ શ્રદ્ધામાં દોષ લાગે. બાકી જે આચરણમાં હોય ઈ બધા કષાયોના ભાવ એ એમાં નથી. એ ભૂમિકામાં અમુક જાતના કષાયો મંદ અને એવું બધું આત્માર્થીને તો હોવું જોઈએ. આત્માનું પ્રયોજન જેને છે, એને ભૂમિકા પ્રમાણે એને રસ-કષાયોના ઈ બધા અંદરથી ઓછા થઈ ગયા હોવા જોઈએ. એને લગતું એને હોય ઈ શ્રદ્ધા ને ચારિત્રનો ભેદ

પડે એટલે એમ તત્ત્વને ઓલામાં એટલું બધું ફેર ન પડે કે ઓલા– બીજા કષાયો બહુ થઈ જાય. આ તો તત્ત્વનું છે. આ પછી બીજા બીજા સાંસારિક વ્યવહારિક કષાયો એને બહુ વધી જાય એવું ન હોય. આત્માર્થીને આત્માનું પ્રયોજન હોય તો એને ભૂમિકા પણ અમુક જાતની હોવી જોઈએ. ૩૬.

*** પ્રશ્ન : મુખ્યપણે તત્ત્વનો દોષ, શ્રદ્ધાના દોષમાં લેવો જોઈએ અને લૌકિકમાં પણ એવા તીવ્ર કષાય ન હોય કે જે લોકોને પણ સામાન્ય લોકને પણ ન ઘટે.**

● ઉત્તર : ન ઘટે એવા. જેની ભૂમિકા એની મુમુક્ષુની ભૂમિકા પ્રમાણે હોય છે. ૩૭.

*** પ્રશ્ન : ખાસ તો જ્યારે છૂટો પડે ત્યારે જ યથાર્થપણે ભેદ પડે છે?**

● ઉત્તર : યથાર્થ ભેદ ત્યારે જ પડે છે. પરિણતિ જુદી પડે અને અસ્થિરતા જુદી રહી જાય એને ભેદજ્ઞાન થાય. ત્યારે જ એને શ્રદ્ધા ને ચારિત્રનો દોષ વાસ્તવિક રીતે એની પરિણતિમાં જાય છે. ત્યાં સુધી એને રસ મંદ પડ્યા હોય છે. ૩૮.

*** પ્રશ્ન : 'પ્રજ્ઞાછીણી થકી છેદતાં આ બંને જુદા પડી જાય છે' પ્રજ્ઞાછીણીને આપણે પ્રધાનતા આપી પણ શ્રદ્ધાગુણની પ્રધાનતા તો મુખ્ય સાધન છે. શ્રદ્ધાનું?**

● ઉત્તર : પ્રજ્ઞાછીણી ભેગી શ્રદ્ધા આવી જાય છે. એ પ્રજ્ઞા ને શ્રદ્ધા બેય સાથે જ હોય છે. સાચી પ્રજ્ઞા ક્યારે પ્રગટ થાય કે શ્રદ્ધા સાથે હોય તો. એટલે શ્રદ્ધા ને પ્રજ્ઞા બેય સાથે જ હોય છે. પ્રજ્ઞાછીણી છે એ પ્રજ્ઞામાં બધું જાણાય છે માટે પ્રજ્ઞાને મુખ્યતા આપી છે. એ રાગ અને જ્ઞાન જુદા કઈ રીતે પડે, એ એને જ્ઞાનમાં જણાય તો રાગ ને જ્ઞાન જુદા પડે છે. એને જ્ઞાનથી જાણવામાં આવે છે કે આ રાગ છે અને 'હું આ જ્ઞાન–હું જ્ઞાયક'. આ જ્ઞાયક જુદો છે અને આ રાગ છે એ એને પ્રજ્ઞામાં જણાય છે. શ્રદ્ધા તો માત્ર દૃષ્ટિ કરે છે. વિશ્વાસ

કરે છે, ગ્રહણ કરે છે એટલે એની વ્યાખ્યા તો પ્રજ્ઞાછીણી જ આવે પણ એ પ્રજ્ઞાની સાથે શ્રદ્ધા ભેગી હોય છે. રાગ અને જ્ઞાન જુદા કરે એમાં તો જ્ઞાન જ આવે કે 'હું આ જ્ઞાયક છું અને આ રાગ નથી'. પોતાને ગ્રહણ કરે અને બીજાથી છુટ્ટો પડે એમાં પ્રજ્ઞા જ હોય છે. પણ ઈ પ્રજ્ઞા કેવી હોય કે યથાર્થ હોય. ઈ પ્રજ્ઞાની સાથે જ શ્રદ્ધા હોય. સાચી પ્રજ્ઞા હોય તો સાથે સાચી શ્રદ્ધા સાથે હોય જ છે. એ બેયને એકબીજાને અરસપરસ સંબંધ હોય છે. શ્રદ્ધાગુણ એવો છે જે આત્માને ગ્રહણ કરે, ભેદજ્ઞાન કરે ઈ તો જ્ઞાન કરે છે. એ જ્ઞાન ને શ્રદ્ધા બેય સાથે જ રહે છે. પ્રજ્ઞાછીણીથી જ વાત કરવામાં આવે. પ્રજ્ઞા–જ્ઞાન દ્વારા ગ્રહણ કર, પ્રજ્ઞા દ્વારા છુટ્ટું પડ. એમાં પછી શ્રદ્ધાગુણ તો એમાં સાથે આવે. એ આવ્યા વગર રહેતો જ નથી. શ્રદ્ધાની વાત આવે તો શ્રદ્ધાની વાત આવી કે દૃષ્ટિની મુખ્યતા, આત્માની તું શ્રદ્ધા કર. ભૂતાર્થ–તું એક ભૂતાર્થ આત્માને જાણ. એમ આવે તો પ્રજ્ઞાની વાત આવે. આમાં તો પ્રજ્ઞાછીણીની વાત કરી છે. પ્રજ્ઞા સાથે જ શ્રદ્ધા હોય છે. શ્રદ્ધા હોય ત્યાં પ્રજ્ઞા હોય છે. પ્રજ્ઞા હોય ત્યાં શ્રદ્ધા હોય છે. એ સાથે સંબંધવાળા જ છે. દૃષ્ટિની મુખ્યતાની સાથે જ્ઞાન હોય જ છે. જ્ઞાન હોવા વગર શ્રદ્ધા હોતી નથી. ને શ્રદ્ધા હોય ત્યાં જ્ઞાન હોય જ છે. (દૃષ્ટિ) પોતાને ગ્રહણ કરે છે અને જ્ઞાન પોતાને ગ્રહણ કરે અને જ્ઞાન બીજાને જાણે છે. બેયને જાણે છે. જ્ઞાન-પ્રજ્ઞાછીણી કંઈ જુદું અપૂર્વ કામ કરે છે. શ્રદ્ધા કરે છે તેમ પ્રજ્ઞા પણ કરે છે. પ્રજ્ઞા વગરની એકલી શ્રદ્ધા હોતી નથી. શ્રદ્ધા એનું નામ કહેવાય કે જેને જ્ઞાન ભેગુ સમ્યક્ હોય જ છે. ભેદજ્ઞાન કરે એમાં સ્વાનુભૂતિ થાય, એમાં આત્માને ગ્રહણ કરે, એક આત્માને એક આત્મા ભૂતાર્થનયથી જાણે, ભૂતાર્થદૃષ્ટિથી જાણે–એમાં જ્ઞાન સાથે હોય જ છે. ૩૯.

✻ પ્રશ્ન : અનુભવ કરવાનું કામ પ્રજ્ઞા જ કરે છે?

● ઉત્તર : પ્રજ્ઞા કરે છે. 'રાગ તે હું નથી. જ્ઞાન તે હું છું. આ

જ્ઞાયક તે 'હું' છું. આ વિભાવ તે 'હું' નથી. આ પરદ્રવ્ય તે 'હું' નથી. આ મારો સ્વભાવ નથી, આ જે પર્યાય ક્ષણે ક્ષણે થાય એ અંશપૂરતો નથી 'હું' ત્રિકાળી છું. એ અંશ થાય છે એ ચૈતન્યની પર્યાય છે તો પણ 'અંશ જેટલો પણ હું નથી, શાશ્વતો છું', એ બધું જ્ઞાન વિવેક કરે છે. શ્રદ્ધા બળ આ જ 'હું' છું. શ્રદ્ધા સાથે જ હોય છે. ભેદજ્ઞાન કરીને અંદર શ્રદ્ધા, જ્ઞાનની સાથે અંદર લીનતા કરે છે એને સ્વાનુભૂતિ કહે છે. પણ એ બધું પ્રજ્ઞા-પ્રજ્ઞા જ કહેવાય છે. અભેદ અપેક્ષાએ બધું પ્રજ્ઞામાં આવી જાય છે. ૪૦.

✻ પ્રશ્ન : શ્રદ્ધા સાથે સાથે કામ કરે છે.

● ઉત્તર : શ્રદ્ધા સાથે કામ કરે છે. એકના બે કટકા નથી, એક દ્રવ્યના જ બે ગુણ છે. 'સર્વ ગુણાંશ તે સમ્યગ્દર્શન'. ત્યાં સર્વ ગુણોના અંશ પ્રગટ થાય છે. જ્યાં સ્વરૂપ તરફ પરિણતિ વળી ત્યાં જ્ઞાન, અંશે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે, દરેક ગુણના અંશ સહેજે થવાયોગ્ય હોય છે તે બધા પ્રગટ થાય છે. ૪૧.

❀ બહેનશ્રી : મુક્તિનો માર્ગ કંઈ જુદો જ છે. સહેલો નથી. જુદો જ છે. એવી અપૂર્વતા થાય. તત્ત્વ વિચાર કરે રુચિ, વીતરાગતા, રાગથી, ગુણભેદ ને પર્યાયથી જુદો હું કઈ અપેક્ષાએ છું. એ બધું જે જિજ્ઞાસુ હોય, બધાનો એને નિર્ણય હોય. યથાર્થ તત્ત્વદૃષ્ટિમાં એ બધું આવી જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે એમાં બધું આવી જાય છે. પણ એ રાગથી જુદું પડવાનું રહે. કાર્યમાં એને ઈ કરવાનું રહે છે કે 'હું જ્ઞાયક છું. આ વિભાવ કોઈપણ મારા નથી કારણ કે વિરુદ્ધસ્વભાવ રાગ ઈ એનાથી જુદો પડવાનું પ્રયોગ ઈ છે જ્ઞાન એક 'હું' જુદો. પણ એના જ્ઞાનમાં આ બધી સાધકતા. 'કૃતકૃત્ય છે' દૃષ્ટિ એવી છે ને કાર્ય કરવાનું રહે છે. દૃષ્ટિ 'હું દ્રવ્ય શાશ્વત છું, પૂરો શુદ્ધ છું' છતાં અશુદ્ધતા છે. એમાં અધૂરી, પૂરી પર્યાયોના ભેદો પડે છે. એટલે એને જ્ઞાન બધું રહે છે પણ કાર્ય વિભાવથી જુદો પડવાનું રહે છે. પ્રયોગમાં એ છે 'હું જ્ઞાયક' છું. જ્ઞાયકદશાની ઉગ્રતા જ હોય છે. ૪૨

✻ પ્રશ્ન : જ્ઞાનમાં બધું રહે છે?

● ઉત્તર : જ્ઞાનમાં બધી અપેક્ષાઓ રહે છે. અભેદ હોવા છતાં ભેદની અપેક્ષા રહે છે. એવી રીતે કૃતકૃત્ય હોવા છતાં કાર્ય કરવાનું રહે છે. ૪૩.

✻ પ્રશ્ન : પર્યાયમાં અધૂરાશ છે?

● ઉત્તર : એવું છે એ પર્યાયમાં અધૂરાશ છે. દ્રવ્યથી પૂર્ણ રહે છે. ૪૪.

✻ પ્રશ્ન : તો વસ્તુદૃષ્ટિ લીધી એજ વખતે પર્યાયમાં કાર્ય કરવાનું બાકી રહે છે?

● ઉત્તર : એ જ વસ્તુ છે. (દૃષ્ટિમાં) પૂર્ણ છે. પર્યાયમાં કાર્ય કરવાનું છે. ૪૫.

✻ પ્રશ્ન : દૃષ્ટિનો જે વિષય છે, એ તો શુદ્ધ-અશુદ્ધ પર્યાય રહિત સામાન્ય દ્રવ્ય સ્વભાવ છે. જ્યારે જ્ઞાનનો વિષય સામાન્ય, વિશેષ તથા બધા પડખેથી આત્મા જાણવો. પણ જેટલો જ્ઞાનનો વિષય સામાન્ય પડખું છે એટલો તો દૃષ્ટિનો વિષય છે જ તો પછી તે છતાં દૃષ્ટિ સમ્યક્ થાય ત્યારે જ જ્ઞાન સમ્યક્ થાય એમ શા માટે?

● ઉત્તર : જ્ઞાનનો વિષય છે પણ દૃષ્ટિને તે એક. પોતે એક. ભેદમાં રોકાતી નથી. એક સામાન્ય ઉપર જ એની દૃષ્ટિને સ્થાપી દીધી છે. એનું જોર એક સામાન્ય ઉપર જ છે. જ્ઞાન સામાન્ય ને વિશેષ બેય ને જાણે છે. ઈ એને જાણવાના એને એમાં ભેદ આવે છે ઓલું દૃષ્ટિ એક સામાન્યનું બળ એનામાં જે આવે છે દૃષ્ટિમાં. એવું બળ એ જ્ઞાનમાં એવી જાતનું બળ નથી. દૃષ્ટિનું બળ-દૃષ્ટિ બળવાન છે. એક આત્માને ગ્રહણ કરે છે. એકને ગ્રહણ કરે એમ આવે છે. એ એક ઉપર જ જોર મૂકીને આગળ જાય છે. આ 'એક ચૈતન્ય જે સામાન્ય અનાદિ તે હું છું.' એમાં ભેદ પર એની નજર નથી. પર્યાય પર નજર નથી. ગુણભેદ પર નજર નથી. બસ! 'એક સામાન્ય ચૈતન્ય અસ્તિત્વ જે એક જ્ઞાયક તે હું'. એના ઉપર એનું દૃષ્ટિનું બળ

જે સામર્થ્ય છે, એવું બળ જ્ઞાનમાં નથી. જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે. સામાન્ય ને વિશેષ બેયને જાણીને જે જ્ઞાન જે પ્રમાણે હોય એ રીતે તેની પરિણતિ થાય છે. જ્ઞાન યથાર્થ હોય તો પરિણતિ પણ યથાર્થ થાય છે. પણ દૃષ્ટિ વધારે બળવાન છે. દૃષ્ટિમાં બળ છે. આખું સામાન્ય ગ્રહણ કર્યું છે. ૪૬.

✻ પ્રશ્ન : મૂલ્યવાન દૃષ્ટિ છે?

● ઉત્તર : મૂલ્યવાન દૃષ્ટિ છે. ૪૭

✻ પ્રશ્ન : દૃષ્ટિ જે કામ કરે છે તે જણાય છે તો જ્ઞાનમાં જ?

● ઉત્તર : જ્ઞાનમાં જ જણાય છે. પણ દૃષ્ટિ બળવાન અને જોરદાર છે. એક ઉપર સ્થાપના કરતા ઈ પ્રમાણે એની પરિણતિ—લીનતા એ પ્રમાણે થાય છે. ૪૮.

✻ પ્રશ્ન : બુદ્ધિપૂર્વક કાર્ય થાય?

● ઉત્તર : એક માણસે એક નક્કી કર્યું હોય દૃઢતાથી કે આમ આ પ્રમાણે એક કરવાનું, પછી એક સિવાય બીજું કાંઈ જોવે નહીં અને ઈ દૃઢતાથી કાર્યમાં એ પ્રમાણે કાર્ય કદાચ ને એમાં એક પછી વચ્ચેથી જે બધા ભેદો ને પ્રકારો છે, એના ઉપર દૃષ્ટિ ન જોતાં એક સામાન્ય એક આત્મા બસ! એ આત્માની જે કેમ પરિણતિ પ્રગટ થાય ઈ બળથી જ દૃષ્ટિની પરિણતિ થાય છે. ૪૯.

❀ બહેનશ્રી : એક નિર્ણય કર્યો કે આ એક જ—આજુબાજુનું કાંઈ નહીં—એક આ આમ જ કરવું છે, ઈ પ્રમાણે એના બળથી એ ભિન્નતાનું—ચારિત્રનું બળ એમાં હોય છે. ૫૦.

✻ પ્રશ્ન : જ્ઞાન પણ એક બળ ? જ્ઞાનમાં પણ એવું જ બળ ?

● ઉત્તર : જ્ઞાનમાં બળ છે. જ્ઞાન બધું જાણવાનું—જાણવામાં એમાં આવે છે. જ્ઞાનમાં બળ આવે છે. દૃષ્ટિમાં બળ આવે. પણ દૃષ્ટિનું બળ વધારે આવે છે. જ્ઞાન બધા પડખામાં—જાણવાનું કાર્ય બધા પડખામાં હોય છે. આ અધૂરું છે, આ પુરું છે આ કેવળજ્ઞાન છે. આ સાધકદશા છે. આ ચારિત્ર છે, આ ગુણભેદ છે, આ

પર્યાયભેદ છે. જ્ઞાન બધું જાણે. આત્મા એક અખંડ. અખંડનું બળ છે જ્ઞાનમાં. ૫૧.

✻ પ્રશ્ન : જે પુરુષને કેવળજ્ઞાન પણ જોતું નથી એને હવે ક્યું પદ આવશે? એને વિષે જરા વિસ્તારથી જણાવશો.

● ઉત્તર : કેવળજ્ઞાન જોતું નથી. એટલે કે પર્યાય ઉપર દૃષ્ટિ નથી અમારી એમ કહે છે. અમારી તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. કેવળજ્ઞાન તો જે સાધના કરે એને પ્રગટે જ છે પૂર્ણ પર્યાય, પણ અમારે ઈ કેવળજ્ઞાન જોઈએ. કેવળજ્ઞાન જોઈએ. એના ઉપર અમારી દૃષ્ટિ નથી. અમે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને એમાં આ સાધના કરતાં કરતાં વચ્ચે કેવળજ્ઞાન આવે તો આવે પણ અમે 'કેવળજ્ઞાન જોઈએ, કેવળજ્ઞાન જોઈએ' એમ વિકલ્પ નથી કરતા એમ. અમારી દૃષ્ટિ તો એક દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય 'અમને દ્રવ્યની શુદ્ધિ પ્રાપ્ત થાઓ. દ્રવ્યની પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત થાઓ. એક ગુણની પર્યાય અમને પ્રાપ્ત થાઓ એમ નહીં, પણ આખા દ્રવ્યની પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત થાઓ' એવી અમારી ભાવના છે, એમ કહે છે. એ એક કેવળજ્ઞાનની પર્યાય થાઓ એમ એવી દૃષ્ટિ પર્યાય ઉપર નથી એમ કહેવું છે. કેવળજ્ઞાન નથી જોઈતું. ઈ ક્યું પદ આપશે? એટલે કે અમારે આત્માનું પરિપૂર્ણ પદ જોઈએ છે. એક ગુણ જોઈએ છે એમ નથી. એમ કહે છે. વારંવાર જ્ઞાન-આનંદ સ્વરૂપ આત્મા છે એની શ્રદ્ધા-જ્ઞાન ને એમાં લીનતા કરવી, ઈ કરવાનું છે. ૫૨.

✻ પ્રશ્ન : કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા, ભેદાભેદ વિપરીતતા–મુખ્ય શેના દોષ? શ્રદ્ધાના કે જ્ઞાનના?

● ઉત્તર : શ્રદ્ધા ને જ્ઞાન બેયના. (શ્રોતા : મુખ્ય?) ભેદાભેદ વિપરીતતા ને કારણ વિપરીતતા ને સ્વરૂપ વિપરીતતા બધું વિપરીત જ છે. શ્રદ્ધાની વિપરીતતાથી જ્ઞાનમાં વિપરીતતા આવે છે. મુખ્ય શ્રદ્ધાની વિપરીતતા છે. ૫૩.

✻ પ્રશ્ન : જ્ઞાનમાં વિપરીતતા જ્યાં આવે તો શ્રદ્ધામાં

વિપરીતતા હોય જ એમ બેનશ્રી કહે છે.

● ઉત્તર : શ્રદ્ધાની વિપરીતતા હોય ત્યાં જ્ઞાનમાં સાથે હોય જ. શ્રદ્ધા વગર જ્ઞાનમાં વિપરીતતા આવતી નથી. ૫૪.

✻ પ્રશ્ન : કેટલાં શાસ્ત્ર વાંચીએ તો આ બધું સમજાય?

● ઉત્તર : મૂળ પ્રયોજન તો જાણે એકને. પ્રયોજનભૂત એક આત્માને જાણે એમાં બધું આવી જાય છે. (શાસ્ત્રો) વચ્ચે પોતે ટકી ન શકે એટલે શાસ્ત્રનું જ્ઞાન પણ એક જાણવા માટે હોય છે. (શ્રોતા : પરલક્ષી જ્ઞાન છે બધું) બાકી એક પ્રયોજનભૂત આત્માને જાણે કે 'હું જ્ઞાયક આત્મા ને આ બધું મારાથી જુદું છે. હું આત્મા છું, જ્ઞાયક છું' એમ વારંવાર એની શ્રદ્ધા અને પ્રતીત અને જે એમાં લીનતા એ કરે તો એવું પ્રયોજનભૂત જે બીજું બધું સમજાઈ જાય. એક આત્માને જાણ્યો પ્રયોજનભૂત—એક આત્માને જાણ્યો, તો એમાં બધું આવી જાય છે. એક આત્માને જાણ્યો. તો એમાં બધું આવી જાય છે. એક આત્માને જાણે, ભેદજ્ઞાન કરે એ કે 'હું જ્ઞાયક છું' વારંવાર એના તરફ લક્ષ કરે તો શ્રદ્ધા સમ્યક્ થાય છે. ૫૫.

✻ પ્રશ્ન : સમ્યક્જ્ઞાનમાં? જ્ઞાન એટલે સમ્યક્જ્ઞાન ને?

● ઉત્તર : પોતાને જાણવા જાય છે, ત્યારે જ્ઞાને તો એના લક્ષણ દ્વારા જાણ્યું. પણ દૃષ્ટિ ત્યાં ગઈ એટલે જ્ઞાન ને દૃષ્ટિ બેય સાથે જ હોય ને! ૫૬.

❀ બહેનશ્રી : દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે. જેને યથાર્થ દૃષ્ટિ એને યથાર્થ જ્ઞાન સાથે જ હોય છે. દૃષ્ટિ ને જ્ઞાન સાથે જ હોય છે. લક્ષણથી આત્માને ઓળખે પહેલાં. તો દૃષ્ટિ યથાર્થ પછી પ્રગટ થાય, પહેલાં લક્ષણથી આત્માને ઓળખે. એ વિચાર કરે, નક્કી કરે કે આ આત્મા છે. પછી એને યથાર્થદૃષ્ટિ પ્રગટે. એમાં બધા ભેદ વિકલ્પ ગૌણ થઈ જાય છે. એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ રહે છે. પણ જ્ઞાન પણ સાથે જ હોય છે. બેય સાથે જ હોય છે. એ એની ભેદજ્ઞાનની ધારા યથાર્થ પ્રગટે ત્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે. અને એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ

યથાર્થ થાય ત્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય ત્યારે એને દ્રવ્ય પર યથાર્થ દૃષ્ટિ થાય છે. પણ પહેલાં એનો અભ્યાસ હોય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. ૫૭.

✻ પ્રશ્ન : એટલે સવિકલ્પ નિર્ણય યથાર્થ કરે?

● ઉત્તર : હાં. સવિકલ્પમાં એ અભ્યાસ કરે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે ત્યારે જ્ઞાન સાથે જ રહે છે. જ્ઞાન બધો વિવેક કરે છે. ૫૮.

✻ પ્રશ્ન : ત્યારે શ્રદ્ધા પણ કામ તો કરે જ છે ને?

● ઉત્તર : હા. શ્રદ્ધા બધુ કામ કરે છે. દૃષ્ટિ છે એમાં શ્રદ્ધા આવી જાય છે. દૃષ્ટિ–શ્રદ્ધા-બધુંય એમાં આવી જાય છે અને જ્ઞાન બધું જાણે છે. અંશે સ્વરૂપમાં લીનતા પણ ભેગી આવી જાય છે એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે યથાર્થરૂપે પરિણમી જાય છે. ત્યારે દૃષ્ટિ પણ યથાર્થ થઈ ગઈ છે દૃષ્ટિ ભેગી શ્રદ્ધા હોય જ છે. દૃષ્ટિને શ્રદ્ધા જુદા નથી. ૫૯.

✻ પ્રશ્ન : એટલે દૃષ્ટિને શ્રદ્ધા–બેય એક જ ન કહેવાય ને?

● ઉત્તર : લગભગ હા. આમ એક જ છે. દૃષ્ટિ ને શ્રદ્ધા. ૬૦.

✻ પ્રશ્ન : એટલે શ્રદ્ધા મજબૂત થઈ એ જ દૃષ્ટિ?

● ઉત્તર : શ્રદ્ધા-ચૈતન્ય તરફની યથાર્થ શ્રદ્ધા એ તરફની યથાર્થ સામાન્ય ઉપર દૃષ્ટિ એ શ્રદ્ધા છે. બેય એક જ છે. બેય લગભગ એક છે. પર્યાયવાચક શબ્દ છે બેય. ૬૧.

✻ પ્રશ્ન : બેય કામ કરે છે. દૃષ્ટિ જ્ઞાયક પરથી ખસતી નથી. ઉપયોગ ભલે બહાર જતો હોય?

● ઉત્તર : ઉપયોગે ભગવાનને જોયો. બેય થયું. દૃષ્ટિ જામી ગઈ ને બહાર ભગવાનને જુએ છે. અંતરમાં ભેદજ્ઞાન ચાલે છે. દૃષ્ટિ જ્ઞાયકમાં જામી છે. એ પરિણામ આવે એને ભેદજ્ઞાનની ધારા ચાલુ છે. દૃષ્ટિ અંતરમાં જામી છે, ઉપયોગ બહાર છે. ભગવાનને જુએ છે. તોય ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે. અંતરમાં દૃષ્ટિ છે. શુભભાવનામાં મુનિઓ પણ અંતરમાં ક્ષણે ક્ષણે અંતઃમુહૂર્તે જામી

જાય છે તોય એમને દેવ-ગુરુ-શાસ્ત્ર બહાર આવે તો એનો ઉપયોગ આવે છે. મુનિ શાસ્ત્ર લખે છે. ભગવાનનો આદર કરે છે, ગુરુનો આદર કરે છે. મુનિઓને પણ હોય છે. જે વિકલ્પ આવે છે શ્રુતનો એ લખે છે. કેટલાક મુનિઓ જિનેન્દ્રદેવની મહિમા પણ લખે છે. શ્રુતજ્ઞાન અનેક જાતનું ઉપયોગ બહાર આવે તો હોય છે અંતરમાં ભેદજ્ઞાનની ધારા ચાલે છે. જ્ઞાયકની ધારા ચાલે છે. સ્વાનુભૂતિમાં અંતઃર્મુહૂર્તે અંતર્મુહૂર્તે જામી જાય છે. તો એ ઉપયોગ બહાર આવે તો શાસ્ત્રો લખે છે. ૬૨.

❀ બહેનશ્રી : 'જાઉં છું સ્વયં પણ મારી સાથે રહેજો તમે'—બધી નિમિત્ત-ઉપાદાનની એવી સંધિ છે. જોર પોતાનું. ભગવાનને સાક્ષી રાખે છે. ભાવના એવી પ્રબળ છે કે ભગવાન તમે-દેવ-ગુરુ-શાસ્ત્ર મારી સાથે રહેજો એમ ભાવના છે. પોતે પુરુષાર્થ પોતાથી જાય છે. અંદર દૃષ્ટિમાં સમજવાનું છે. બાકી એને પરિણતિમાં તો આ શુભભાવનામાં ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે રહે છે. એની પરિણતિ—એની શુભભાવનામાં દૃષ્ટિમાં સમજે છે કે હું પોતાથી સ્વયં જાઉં છું. પણ નિમિત્ત-ઉપાદાનનો સંબંધ સમજે છે. જ્ઞાનમાં સમજે છે. અને આચરણમાં પણ શુભભાવના છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે રાખે છે. અંતરમાં જ્ઞાયકદેવની વૃદ્ધિ કરતો જાય છે અંદર પરિણતિની સ્વાનુભૂતિમાં. ૬૩.

● ભક્તિ : હું ચેતન છું, પરિપૂર્ણ છું એવી શ્રદ્ધા કરજો.
હું એક, શુદ્ધ સદા, અરૂપી એવું જ્ઞાને ધરજો.
કરી લો આતમના ગુણગાન, આવી મંગલ ઘડી.

✻ પ્રશ્ન : દ્રવ્યદૃષ્ટિ પર્યાયને સ્વીકારતી નથી. પરંતુ પ્રયોજન તો પર્યાયમાં પૂર્ણ શુદ્ધ થવું એ છે, તો શું દૃષ્ટિને પ્રયોજન સાથે પણ સંબંધ નથી.

● ઉત્તર : દૃષ્ટિ વસ્તુ સ્વરૂપને સ્વીકારે છે. અનાદિ અનંત જે વસ્તુ છે, અનાદિ અનંત જેવી વસ્તુ અસલી સ્વરૂપ છે, અસલી

સ્વરૂપને દૃષ્ટિ સ્વીકારે છે અને એણે પછી સાધના કરવી. એક દૃષ્ટિનો વિષય જુદો છે ને જ્ઞાનનો વિષય જુદો છે. એ જ્ઞાનમાં એમ આવે છે કે આ પર્યાય અધૂરી છે. પર્યાયને પૂરી કરવી, ને દૃષ્ટિનો એ વિષય નથી. દૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્ય-અસલી સ્વરૂપ ગ્રહણ કરવું. વસ્તુનું જેવું છે તેવું સ્વરૂપ ગ્રહણ કરવું ઈ દૃષ્ટિનો વિષય છે અને જ્ઞાનનો વિષય—એમાં પર્યાયના ભેદો, ગુણના ભેદો, એનું અખંડ સ્વરૂપ, બધું સ્વરૂપ જ્ઞાનમાં આવે છે. એ વિષય જ્ઞાનનો છે. દૃષ્ટિનો વિષય એક અસલી સ્વરૂપ ગ્રહણ કરવું—એ એનો વિષય છે. સામાન્યને ગ્રહણ કરવું—અસલી સ્વરૂપને—એ એનો વિષય અને જ્ઞાનમાં સામાન્ય, વિશેષ બધું ગ્રહણ કરવાનો વિષય છે. પણ એમાં આ પુરુષાર્થનું પ્રયોજન તો બધામાં રહે જ છે. પણ જે અસલી સ્વરૂપ ગ્રહણ કરવું એ દૃષ્ટિનો વિષય. જ્ઞાનમાં બેય વિષય આવી જાય છે. ૬૪.

✻ પ્રશ્ન : એટલે દૃષ્ટિ પોતાનું પ્રયોજન સાધે છે. અને જ્ઞાન બેય સાધે છે.

● ઉત્તર : જ્ઞાન બેય સાધે છે. બેય. (શ્રોતા : જ્ઞાનમાં શું ગુણ છે એ જ્ઞાનને ખબર છે) જ્ઞાનને ખબર છે. ૬૫.

✻પ્રશ્નઃ કેવી રીતે દૃષ્ટિ કામ કરે છે, ઈ પણ જ્ઞાનને ખબર છે?

● ઉત્તર : ઈ યે ખબર છે. દૃષ્ટિ શું કામ કરે છે. પર્યાયના શું ભેદો છે—એ બધી જ્ઞાનને બધી ખબર પડે છે. પણ દૃષ્ટિની મુખ્યતા વગર આગળ જઈ શકાતું નથી. વસ્તુનું અસલી સ્વરૂપ ગ્રહણ કર્યા વગર આગળ જઈ શકાતું નથી. એનું મૂળ સ્વરૂપ જો ગ્રહણ થાય તો એમાંથી જ બધી પર્યાય પ્રગટ થાય છે. પર્યાય ક્યાંય બહારથી આવતી નથી. એ જે વસ્તુ સ્વભાવ છે, એમાંથી જ પ્રગટ થાય છે. માટે અસલી સ્વરૂપને ગ્રહણ કરે તો જ પ્રગટ થાય માટે દૃષ્ટિનો વિષય—ભલે અસલી સ્વરૂપ પણ એના બળમાં એનું પ્રયોજન ઈ આવે છે કે એના બળથી—દૃષ્ટિના બળથી પર્યાય સહજપણે સધાય છે. પર્યાય સહજપણે શુદ્ધ થતાં એમાંથી પ્રગટ થાય છે. (શ્રોતા :

આપોઆપ પ્રયોજન) હા, આપોઆપ તેનું પ્રયોજન આવી જાય છે દૃષ્ટિમાં. ઈ દૃષ્ટિની મુખ્યતા હોય અને એ દૃષ્ટિનું બળ હોય તો એમાં આપોઆપ એનું પ્રયોજન આવી જાય છે કે દૃષ્ટિ વગર તો આગળ જઈ શકાતું જ નથી. એમ જ્ઞાનનો ભેદ-જ્ઞાન બધું જાણે છે પણ દૃષ્ટિના બળ વગર આગળ જવાતું નથી એટલે દૃષ્ટિનું પ્રયોજન એમાં આપોઆપ ભેગું આવી જાય છે. જે દૃષ્ટિની મુખ્યતા થાય એમાં પુરુષાર્થનું બળ સહેજે આવી જાય છે. એટલે દૃષ્ટિનો જેવો વિષય છે એનું પ્રયોજન પર્યાયને શુદ્ધરૂપે પ્રગટ કરવી એમાં આવી જ જાય છે. દૃષ્ટિ એના ઉપર લક્ષ કરતી નથી. દૃષ્ટિ એનો વિષય કરતી નથી. દૃષ્ટિ એને ગૌણ કરે છે, પર્યાયને દૃષ્ટિ—સાધનાની પર્યાયને પણ ગૌણ કરે છે. દૃષ્ટિ એક પોતાને મુખ્ય રાખે છે. તો પણ એમાં સાધનાની પર્યાય એમાં આવી જ જાય છે. એનું પ્રયોજન એમાં સધાઈ જાય છે એવું એ દૃષ્ટિનું બળ. ૬૬.

✻ પ્રશ્ન : માતાજી ! એક વખત દૃષ્ટિ પ્રગટ થાય, પછી એનું બળ વધે ?

● ઉત્તર : એનું બળ વધે. એના ઉપર સ્થપાઈ. ‘હું આ ચૈતન્ય છું આ હું બીજું નથી. હું અખંડ સ્વરૂપ છું—આ અધૂરી પૂરી પર્યાય જે થાય, એ પણ મારું મૂળ સ્વરૂપ—અસલી સ્વરૂપ નથી.’ એ બધી એમાં વિભાવ ને એને નિમિત્તનો અભાવ ને સદ્‌ભાવની અપેક્ષા અને અધૂરી-પૂરી પર્યાય—એની અપેક્ષા એમાં આવે છે. બાકી જે મૂળ સ્વરૂપ છે ઈ નથી. અને આ અસલી સ્વરૂપને ગ્રહણ કરે અને એના બળમાં પછી નિર્મળ પર્યાયો પ્રગટ થાય, એને ઈ દૃષ્ટિનો વિષય હોય તો જ શુદ્ધતાની પર્યાય પ્રગટ થાય છે. પણ એની સાથે જ્ઞાન બધો વિવેક કરે છે કે આ અધૂરી પર્યાય છે કે એને પૂરી સાધનાની પર્યાય બાકી છે એમ વિવેક કરે છે. પણ બળ દૃષ્ટિનું હોય છે. દૃષ્ટિના વિષયમાંથી સ્વભાવની નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. એનું બળ વધતું જાય છે. ૬૭.

✻ પ્રશ્ન : એકવાર. સમ્યગ્દૃષ્ટિ થયા પછી એનું બળ વધે છે કે એમાં જ નિર્મળ પર્યાયોની વિશેષતા પ્રગટ થાય છે?

● ઉત્તર : હા. એનું બળ વધતું જાય છે. એટલે કે એને દૃષ્ટિનું બળ વધે છે અને એની સાથે ચારિત્રની પર્યાયો નિર્મળ-લીનતાની પર્યાયો વધતી જાય છે. એક ગુણની વિશેષતા થાય, દર્શનની નિર્મળતા એમાં જ્ઞાનની નિર્મળતા અને ચારિત્રની નિર્મળતા—એને એકબીજા ગુણોને સંબંધ છે. 'સર્વ ગુણાંશ તે સમ્યગ્દર્શન' એક સમ્યક્‌દર્શનની પર્યાયમાં બધા ગુણોના અંશો નિર્મળ-નિર્મળ પ્રગટ થઈ જાય છે. એકબીજાની પર્યાયો એકબીજાને સહકારીરૂપે આગળ વધે છે. એમાં દૃષ્ટિ મુખ્ય રહે છે. પણ એની સાથે જ્ઞાન(હોય)-દૃષ્ટિ મુખ્ય રહે એટલે એમાં જ્ઞાન નથી એમ નહીં. જ્ઞાન પણ સાથે રહે છે. પુરુષાર્થ સાથે રહે છે. ચારિત્રની નિર્મળ પર્યાયો પણ પ્રગટ થઈ જાય છે. દરેક ગુણો દરેકનું કાર્ય કરે છે પણ દૃષ્ટિનું બળ સાથે રહે છે. ૬૮.

✻ પ્રશ્ન : બળ આપવામાં દૃષ્ટિ વિશેષ?

● ઉત્તર : બળ આપવામાં દૃષ્ટિ વિશેષ છે. 'હું આ જ છું. આ મારું અસ્તિત્વ જ્ઞાયકનું તે જ હું છું' બીજા બધાને ગૌણ કરે છે. પણ એમાં પછી એવી વિરક્તિની પર્યાયો—લીનતાની પર્યાયો—વિભાવથી વિરક્તિ અને સ્વભાવની લીનતા વધી જાય છે અને જ્ઞાન એનો વિવેક કરે છે કે આટલું અધૂરું છે, આટલું પ્રગટ થયું છે, હજી પ્રગટ કરવાનું બાકી છે—જ્ઞાન બધું જાણે છે જો જ્ઞાનમાં ન જાણે તો એનો પુરુષાર્થ કરવામાં 'પોતે પૂરો જ છે' પછી પુરુષાર્થ કરવામાં શું રહ્યું? જ્ઞાન વિવેક કરે છે કે હજી અધૂરી પર્યાય છે હજી પૂર્ણતા કરવાની બાકી છે એમ જ્ઞાનમાં વિવેક છે. દૃષ્ટિનું બળ સાથે છે અને ચારિત્રની લીનતા પર્યાયથી વિશેષ પ્રગટ થતી જાય છે. દરેક સાથે જ રહે છે. દૃષ્ટિની સાથે જ્ઞાન અને લીનતા બધું સાથે રહે છે. સ્વરૂપાચરણ ચારિત્ર પહેલાં પ્રગટે છે ને પછી ચારિત્રની વિશેષ પર્યાયો પ્રગટે છે. એની સ્વાનુભૂતિની દશા અમુક ભૂમિકા હોય ત્યાં અમુક પ્રકારે

પ્રગટે, પછી વધતી જાય છે. ૬૯

**✻ પ્રશ્ન : એમાં જ્ઞાનમાં એમ જણાય કે પુરુષાર્થ બાકી છે એટલે પુરુષાર્થ થતો જાય એ કેવી રીતે?**

● ઉત્તર : જ્ઞાનમાં જાણે છે કે પુરુષાર્થ બાકી છે. એ જ્ઞાનમાં જાણે કે 'પુરુષાર્થ થઈ ગયો' એમ જાણે તો કાંઈ પુરુષાર્થ ઉપાડવાનો રહેતો નથી. એ જાણે છે કે પુરુષાર્થ બાકી છે. પુરુષાર્થ ઉપડે છે પોતે પુરુષાર્થથી. પણ જ્ઞાન એમાં જાણે છે કે 'બાકી છે'. એમાં એ જ્ઞાન કારણ બને છે કે પુરુષાર્થ બાકી છે એમ જાણે છે તો પુરુષાર્થ ઉપડવાનું કારણ બને છે. પુરુષાર્થ ઉપડે છે પોતે પુરુષાર્થથી ઉપડે છે. પુરુષાર્થના ગુણથી ઉપડે છે. એની એટલી વિરક્તિથી અને પુરુષાર્થના બળથી ઉપડે છે ને જ્ઞાન એમાં વિવેક કરે છે. ૭૦.

**✻ પ્રશ્ન : પુરુષાર્થ ઉપડવાનું મૂળ કારણ દૃષ્ટિ? દૃષ્ટિનું બળ. જેટલું દૃષ્ટિનું બળ વધતું જાય એટલો પુરુષાર્થમાં ફરક પડે?**

● ઉત્તર : પુરુષાર્થ વધતો જાય છે. જ્ઞાન તો વિવેક કરે છે જ્ઞાનમાં તે ઝાઝું (વધારે) જાણે એમ નહીં. પણ એની ઉગ્રતા થઈ જાય છે. દૃષ્ટિનું બળ વધે, એની વિરક્તિ વધતી જાય છે. અમુક અમુક ભૂમિકા પલટાતી જાય છે. એમાં વિભાવથી વિરક્તિ ને સ્વભાવની પરિણતિ વધતી જાય છે. દૃષ્ટિ તો અખંડ થઈ ગઈ. બીજી અપેક્ષાએ એમ કહેવાય કે એને ચારિત્રમાં વિરક્તિ એને ઓછી છે. એટલે હજી લીનતા ઓછી છે. ચારિત્રની લીનતા ઓછી છે. પણ એ દૃષ્ટિનું બળ સાથે રહે છે. એમ દૃષ્ટિ કોઈ અપેક્ષાએ એમ કહે દૃષ્ટિનો વિષય પૂરો છે પણ હજી ચારિત્રની લીનતા ઓછી છે. એ ચારિત્રની લીનતા વધે તો એ વિશેષ આગળ જાય છે પણ દૃષ્ટિ તો સાથે જ હોય છે. ૭૧.

**✻ પ્રશ્ન : ચારિત્રમાં વૃદ્ધિ જેમ થાય એનું નામ વિરક્તિ વધે છે એમ કહેવાય?**

● ઉત્તર : ચારિત્રમાં લીનતા-સ્વરૂપમાં વિશેષ લીનતા થતી

જાય, આચરણ વધતું જાય તો વિરક્તિ વધતી જાય. વિભાવથી વિરક્તિ. ભેદજ્ઞાનની ધારાની ઉગ્રતા થતાં વિભાવથી વિરક્તિ ને સ્વભાવની પરિણતિ-લીનતા વધતી જાય છે. ૭૨.

✻ પ્રશ્ન : આશંકામાં ઈ છે કે એક વખત દૃષ્ટિ સમ્યક્ થઈ પછી તો દૃષ્ટિનું કાર્ય પૂરું થઈ ગયું. પણ પછી દૃષ્ટિનું બળ વધતું જાય છે એમ ચારિત્રની નિર્મળતામાં ફરક પડતો જાય છે એ બરાબર છે?

● ઉત્તર : દૃષ્ટિનો વિષય તો પૂરો જ થઈ ગયો, પણ એનું બળ વધતું જાય છે. દૃષ્ટિનું બળ અને ચારિત્રમાં પુરુષાર્થ વધતો જાય છે. બેય સાથે, બીજી અપેક્ષાએ એમ કહેવાય કે ચારિત્ર મંદ છે એને ઈ જાતનો પુરુષાર્થ મંદ છે એટલે ચારિત્રનો પુરુષાર્થ વધતો જાય છે એમ પણ કહેવાય ને દૃષ્ટિ સાથે છે પણ દૃષ્ટિ મુખ્ય રહે છે, માટે દૃષ્ટિનું બળ વધતું જાય છે. ૭૩.

✻ પ્રશ્ન : દૃષ્ટિ મુખ્ય રહે છે પણ એમ કહેવામાં આવે છે કે જ્ઞાનીને એક સમયમાં પૂર્ણ થવાતું હોય તો બીજા સમયનો અભિપ્રાય નથી. એટલી પૂર્ણતાની ઉગ્ર ભાવના રહે છે તો પણ દૃષ્ટિ તો પર્યાયદૃષ્ટિ થતી જ નથી. એટલી ઉગ્ર ભાવના છે.

● ઉત્તર : ભાવના છે કે 'અત્યારે પૂરું થવાતું હોય તો થઈ જાવ' એવી દૃષ્ટિમાં ભાવનાની ઉગ્રતા છે. પણ પુરુષાર્થ નથી ઉપડતો. પુરુષાર્થ તરફ-પછી એમ કહેવાય. ૭૪.

✻ પ્રશ્ન : પર્યાયની પૂર્ણતાની આવી ભાવના હોવા છતાં દૃષ્ટિ પર્યાયદૃષ્ટિ નથી થતી?

● ઉત્તર : પર્યાયદૃષ્ટિ નથી. દૃષ્ટિ દ્રવ્યદૃષ્ટિ છે. દૃષ્ટિ દ્રવ્યની રહે છે. ભાવના આવી ઉગ્ર થાય છે. ૭૫.

✻ પ્રશ્ન : કેવો એકબીજાના વિષય વિરહ છે?

● ઉત્તર : વિષયનો વિરહ–દૃષ્ટિ કહે 'હું દૃષ્ટિમાં દ્રવ્ય અપેક્ષાએ પૂરો છું.' છતાં ભાવના એમ રહે છે કે હું પૂરો કેમ થઈ જાઉં? પર્યાયમાં ભાવના એવી રહે છે. ૭૬.

* શ્રોતા : ભાવના તો ચારિત્રની પર્યાય છે?

● ઉત્તર : ભાવના ચારિત્રની પર્યાય છે પણ દષ્ટિએ એમ જાણ્યું કે પૂરો છું, તોય એમ પૂરો ક્યારે થાઉં. ભલે ચારિત્રની ભાવના છે પણ દષ્ટિ એની સાથે જ રહે છે. ૭૭.

શ્રોતા : દષ્ટિનો વિષય તો કૃતકૃત્ય છે?

● ઉત્તર : હાં. એ તો કૃતકૃત્ય છે. દષ્ટિનો વિષય તો કૃતકૃત્ય છે. કૃતકૃત્ય છે પણ એ દષ્ટિનું બળ આવે એટલે જ ઈ એની બધી એ ભાવના (ફળે) શુદ્ધાત્માની પર્યાયો બધી છે. અનંતકાળથી દષ્ટિ પ્રગટ નથી થઈ, તો ભાવના કર્યા કરે કે ચારિત્ર કેમ થાય? પણ મૂળ વસ્તુને ગ્રહણ કર્યા વગર ચારિત્ર યથાર્થ આવી શકતું નથી. અંદર દષ્ટિ પ્રગટ થયા પછી જ એને યથાર્થ ધારા ઉપડે છે. ૭૮.

* પ્રશ્ન : ગાથા ૧૭–૧૮માં (સમયસારમાં) તો પ્રથમ આત્માને જાણવો એમ કહ્યું છે. શ્રદ્ધવો પછી એમ ?

● ઉત્તર : જાણવો એ–જ્યારે પોતે પોતા તરફ જાય એટલે યથાર્થ જ્ઞાન પહેલાં પોતાને જ્ઞાનથી ઓળખે. પ્રતીતપણું–વસ્તુસ્વરૂપે એને પ્રતીતિ યથાર્થ નથી. પહેલાં જ્ઞાન યથાર્થ કરવું, પછી પ્રતીતિ યથાર્થ કરવી, પછી આચરણ કરવું. ક્રમ એવો લીધો છે અનાદિની પોતાની સાચી સમજણ જ નથી. એટલે વ્યવહારમાં એમ કહેવાય કે પોતે પોતાનું જ્ઞાન યથાર્થ કર્યું નથી માટે, તું જ્ઞાન કર યથાર્થ. તો જ શ્રદ્ધા યથાર્થ થાય એમ કહેવાય. બાકી ખરી રીતે 'સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' એ યથાર્થ પ્રતીત થાય તો જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે પણ એને પહેલાં જ્ઞાન કરવું જોઈએ. માર્ગમાં એમ આવે છે કે યથાર્થ જ્ઞાન કર. પછી શ્રદ્ધા કર. પ્રથમ જ્ઞાન કરવાનું આવે છે. અનાદિનો અજાણ્યો (શ્રોતા : એનો અર્થ એમ થયો કે શ્રદ્ધા પ્રથમ કરવી તો જ જ્ઞાન થયું કહેવાય). હા. શ્રદ્ધા યથાર્થ થાય તો જ યથાર્થ જ્ઞાન થાય. પહેલાં પ્રથમ સમજણ ખોટી છે માટે સમજણ યથાર્થ કર. વ્યવહારે એમ છે. વ્યવહાર આ કથન એવી રીતે છે કે

વ્યવહારમાં પહેલાં જ્ઞાન યથાર્થ કર, કથન એટલે એને પહેલા જાણવાનું આવે છે વચમાં. પછી પ્રતીતિ યથાર્થ થાય. જ્ઞાન યથાર્થ ન થાય તો પ્રતીતિ યથાર્થ થાતી નથી. પણ પ્રતીતિ યથાર્થ થાય તો જ જ્ઞાનને યથાર્થ કહેવાય છે. નિશ્ચય દૃષ્ટિ એવી છે (શ્રોતા : બે વાત આવે છે.) બે વાત છે. બે વાત. એવું છે. ૭૯.

✻ પ્રશ્ન : અમારે ગરબડ બહુ થયા કરે છે. એક કહી દયો તો અમને ઠીક રહે. શ્રદ્ધા કહો તો શ્રદ્ધા ઉપર જોર આપીએ.

● ઉત્તર : સાચી સમજણ વગર શ્રદ્ધા યથાર્થ થાતી નથી અને યથાર્થ શ્રદ્ધા વગર જ્ઞાન યથાર્થ થાતું નથી. ૮૦.

✻ પ્રશ્ન : બે સંકળાયેલા છે એમ ?

● ઉત્તર : બેય સાથે સંકળાયેલા છે. (શ્રોતા : જ્ઞાન પણ કરવું ને શ્રદ્ધા પણ કરવી.) જ્ઞાન ને શ્રદ્ધા બેય સાથે જ છે. યથાર્થ શ્રદ્ધા હોય એને યથાર્થ જ્ઞાન થયા વગર રહેતું જ નથી અને જેને યથાર્થ જ્ઞાન થાય એને શ્રદ્ધા યથાર્થ થાય જ છે. ૮૧.

✻ પ્રશ્ન : અંશ આચરણ હોય ને જ્ઞાન ને દર્શન સાથે?

● ઉત્તર : આચરણ પહેલા યથાર્થ થાય. અંશે આચરણ થાતું નથી. પહેલાં શ્રદ્ધા-જ્ઞાન થાય તો જ આચરણ યથાર્થ થાય. તો જ આચરણ યથાર્થ થાય. શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક આચરણ થાય. અંશે આચરણ થાય છે. ૮૨.

✻ પ્રશ્ન : શ્રદ્ધાની પ્રધાનતા એમ? જૈનદર્શનમાં શ્રદ્ધાની મુખ્યતા?

● ઉત્તર : શ્રદ્ધાની પ્રધાનતા છે. જ્ઞાન વચ્ચે આવે છે (શ્રોતા : વચ્ચે આવે). વચ્ચે આવે છે તે માટે પ્રથમ જ્ઞાન કરવું એમ આવે છે. શ્રદ્ધા કરે છે તેમાં જ્ઞાન વચ્ચે આવે છે માટે જ્ઞાન કરવું પહેલા એમ કહેવાય. પણ શ્રદ્ધા યથાર્થ થાય તો જ મુક્તિમાર્ગની શરૂઆત થાય છે. ૮૩.

*** પ્રશ્ન : સંશય, વિપરીત, અનધ્યવસાય. મોક્ષમાર્ગપ્રકાશકમાં ચોથા અધિકારમાં આવે છે. એ જ્ઞાનના દોષ છે કે શ્રદ્ધાના દોષ છે?**

● ઉત્તર : શ્રદ્ધાનો દોષ છે. શ્રદ્ધા ભેગુ જ્ઞાન છે ને એટલે જ્ઞાનમાં-શ્રદ્ધામાં બેય દોષ થાય છે. મૂળ શ્રદ્ધામાં. શ્રદ્ધા સાચી નથી. એટલે જ્ઞાનમાં સંશય થાય, અનધ્યવસાય થાય, વિપરીતતા થાય. મૂળ દૃષ્ટિના દોષને લઈને જ્ઞાનમાં દોષ આવે છે. દૃષ્ટિ ને જ્ઞાન બેય સાથે ને સાથે. —નિઃશંક થાતો નથી. સંશય આવે છે. બધુ દૃષ્ટિને લઈને થાય છે. દૃષ્ટિને લઈને જ્ઞાનમાં દોષ આવે છે. ૮૪

*** પ્રશ્ન : જ્ઞાનમાં કાંઈ દોષ નથી તો અત્યારે શાસ્ત્રમાં ભેદ-વિજ્ઞાનનો જ ઉપદેશ આપતા હોય છે. ભેદજ્ઞાન કરવું. ઠેઠ સુધી ભેદજ્ઞાન ભાવવું, તો જ્ઞાનમાં દોષ નથી તો ભેદજ્ઞાન કરવાની જરૂરત શું ?**

● ઉત્તર : ભેદજ્ઞાન કરો કે અનાદિકાળની જે સ્વપરની એકત્વબુદ્ધિ થઈ રહી છે એને ભેદજ્ઞાન કરવું કે 'હું આ ચૈતન્ય તે ચૈતન્ય છું, પર તે પર છે' એમ ભેદજ્ઞાન કરે છે એટલે એમ કહેવું છે કે સમ્યક્ દૃષ્ટિ કરો તો જ્ઞાન પણ સમ્યક્ થાય એટલે જ્ઞાન તરફથી વાત એમાં કરી છે. ભેદજ્ઞાન કરવા એટલે જ્ઞાનનું ભેદજ્ઞાન કરો એટલે દૃષ્ટિ સમ્યક્ થઈ જાશે. એવું ઘણે ઠેકાણે આવે કે સમ્યક્દર્શન—સમ્યક્દૃષ્ટિ કરો. સમ્યક્જ્ઞાન કરો એમ જ્ઞાન તરફથી કહેવાય ને દર્શન તરફથી પણ કહેવાય છે. અહીંયા જ્ઞાન તરફથી કીધું છે. ભેદજ્ઞાન કરો. ભેદજ્ઞાન કરો એટલે દૃષ્ટિ પણ સમ્યક્ થશે. 'ભેદજ્ઞાનતઃ સિદ્ધા સિદ્ધા યે કિલકેચનમ્' અનાદિકાળથી સિદ્ધ નથી થયા એ ભેદવિજ્ઞાનના અભાવે નથી થયા. જે સિદ્ધ થયા એ ભેદજ્ઞાનથી જ થયા છે. ભેદજ્ઞાન કરો, સ્વપરની એકત્વબુદ્ધિ છે એ તોડો અને ભેદજ્ઞાન કરો. 'હું જ્ઞાયક છું અને આ પર તે હું નથી' એમ ભેદવિજ્ઞાન કરો. ભેદવિજ્ઞાન કરો. ચૈતન્ય તરફ દૃષ્ટિ કરો. ચૈતન્ય તરફ દૃષ્ટિ કરો કે ભેદવિજ્ઞાન કરો—બેય એક જ છે. એક જ્ઞાન

તરફથી છે, એક દૃષ્ટિ તરફથી છે. બધું એક જ છે. જેનું જ્ઞાન સમ્યક્ થાય એની દૃષ્ટિ સમ્યક્ થઈ. દૃષ્ટિ સમ્યક્ થાય એનું જ્ઞાન સમ્યક્ થાય. એક જ્ઞાન તરફથી કીધું છે. ભેદવિજ્ઞાન કરો સમ્યક્‌દર્શન પ્રગટ કરો. કોઈક ઠેકાણે સમ્યક્ જ્ઞાન-જ્ઞાન તરફથી વાત કરે છે. સમ્યક્‌દર્શન પ્રગટ કરો. નિર્ણય કરો એમ પણ આવે. જ્ઞાનમાં યથાર્થ સમજો. સાચી સમજણ કરો. યથાર્થ નિર્ણય કરો. 'હું કોણ છું', પર કોણ છે?'—તત્ત્વનો વિચાર કરો. યથાર્થ જ્ઞાન કરો. યથાર્થ જ્ઞાન કરો તો યથાર્થ નિર્ણય, યથાર્થ પ્રતીતિ થશે. યથાર્થ પ્રતીતિ કરો એટલે યથાર્થ જ્ઞાન થશે એમ કહેવું છે. પ્રગટ થઈ ઈ ધારા આના પોતે સ્વરૂપમાં ભેદજ્ઞાન કરતા, સ્વરૂપની અનુભૂતિ કરતો કરતો બસ, પૂર્ણ સ્વાનુભૂતિ થઈ જાય, એટલે કેવળજ્ઞાન થઈ જાય. અંશે અંશે સાધકદશા હોય છે ત્યાં સુધી ચોથુ, પાંચમું, છઠ્ઠું, સાતમું ગુણસ્થાન થાય પછી કેવળજ્ઞાન થઈ જાય છે. ભેદવિજ્ઞાન જ પ્રગટ કરો એમ કહે છે. ૮૫.

✻ પ્રશ્ન : જ્ઞાનથી કહેવામાં આવે છે ભેદજ્ઞાન?

● ઉત્તર : જ્ઞાનને-જ્ઞાનથી વાત કરવામાં આવે છે. જ્ઞાનથી સમજાવે છે. (શ્રોતા : શ્રદ્ધાથી સમજાવી શકાતું નથી એટલે જ્ઞાનથી) શ્રદ્ધાથી પણ એમ—શ્રદ્ધા તરફથી વાત કરાય કે યથાર્થ પ્રતીતિ કરો. યથાર્થ શ્રદ્ધા કરો એમ પણ કહેવાય અને યથાર્થ જ્ઞાન કરો—એમ પણ કહેવાય. ભેદવિજ્ઞાન કરો એમ કહેવાય. ચૈતન્ય તરફ દૃષ્ટિ કરો. ચૈતન્યની શ્રદ્ધા કરો. શ્રદ્ધાથી પણ ઉપદેશ અપાય અને જ્ઞાનથી પણ ઉપદેશ અપાય. બેય રીતે. ૮૬.

જય હો વિજય હો, ભગવતી માતનો જય હો.